


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 034
Dt.: 12-10-2025,
Sunday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in







વડાપ્રધાન મોદીની ખેડૂતો માટે દિવાળી ભેટ

# વડાપ્રધાન મોદીએ ખેડૂતો માટે રૂ.૪૨૦૦૦ કરોડની બે મોટી કૃષિ યોજના શરૂ કરી

## વડાપ્રધાન મોદીએ રૂ. ૨૪,૦૦૦ કરોડની પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના અને રૂ. ૧૧,૪૪૦ કરોડની કઠોળ ઉત્પાદકતા મિશનનો પ્રારંભ કર્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિવાળી પહેલા વડાપ્રધાન નરેન્દ્રમોદીએ ખેડૂતોને મોટી ભેટ આપી છે. વડાપ્રધાન મોદીએ ખેડૂતોને મોટી ભેટ આપતાં દિલ્હીના પુસા સ્થિત ભારતીય કૃષિ સંશોધન સંસ્થામાંથી કૃષિ ક્ષેત્રે રૂ. ૪૨,૦૦૦ કરોડની યોજનાઓ શરૂ કરી છે. તેમણે રૂ. ૨૪,૦૦૦ કરોડની પ્રધાનમંત્રી ધન ધન્ય કૃષિ યોજના અને રૂ. ૧૧,૪૪૦ કરોડની કઠોળ ઉત્પાદકતા મિશનનો પ્રારંભ કર્યો છે. કૃષિ, પશુપાલન, મત્સ્ય અને ફૂડ પ્રોસેસિંગ સેક્ટર માટે રૂ. ૫૪૫૦ કરોડ તેમજ અન્ય યોજનાઓ પાછળ રૂ. ૮૧૫ કરોડ ફાળવ્યા છે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. વડાપ્રધાન મોદીએ આજે વડાપ્રધાન ધન ધન્ય કૃષિ યોજનાનો પ્રારંભ કર્યો છે. આ યોજના ૩૬ સરકારી યોજનાઓને એકીકૃત કરે છે. ત્રણ પરિમાણોના આધારે આ યોજના માટે ૧૦૦ જિલ્લાઓની પસંદગી કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ કૃષિ ઉત્પાદકતા વધારવા, પાક વૈવિધ્યકરણને પ્રોત્સાહન આપવા અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ સમાવિષ્ટ છે. આ યોજના ઓછી ઉપજ ધરાવતા વિસ્તારોને લાભ આપશે. દિલ્હીના પુસા સ્થિત ભારતીય કૃષિ સંશોધન સંસ્થામાંથી ખેડૂતો માટે એક સાથે બે યોજનાઓ શરૂ કરતા પીએમ મોદીએ કહ્યું કે આ બે યોજનાઓ ભારતના ખેડૂતોનું ભાગ્ય બદલવા માટે કામ કરશે. સરકાર આ યોજનાઓ પર ૩૫ હજાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કરશે. ખેડૂતોના મહત્વ પર પ્રકાશ પાડતા પીએમ મોદીએ કહ્યું, કૃષિ અને ખેડૂતો હંમેશા આપણી વિકાસ યાત્રાનો એક ભાગ રહ્યા છે. બદલાતા સમય સાથે કૃષિ અને ખેડૂતોને સરકારી સહાય મળતી રહે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. પરંતુ કમનસીબે, અગાઉની સરકારે કૃષિ અને ખેડૂતોને તેમના હાલ પર છોડી દીધા હતાં. પરિણામે, ભારતની કૃષિ વ્યવસ્થા સતત નબળી પડી હતી. ૨૧મી સદીના ભારત માટે ઝડપી વિકાસ પ્રાપ્ત કરવા માટે તેની કૃષિ વ્યવસ્થામાં સુધારો કરવો જરૂરી હતો, અને આ ૨૦૧૪ પછી તેનો વિકાસ શરૂ થયો. પીએમ મોદીએ વધુમાં કહ્યું, બીજથી લઈને બજાર સુધી અસંખ્ય સુધારા કરવામાં આવ્યા છે. પરિણામે, ભારત આજે દૂધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે છે. ભારત વિશ્વનો બીજો સૌથી મોટો માછલી ઉત્પાદક દેશ છે. ભારતમાં મધનું ઉત્પાદન ૨૦૧૪ની સરખામણીમાં બમણું થયું છે. દેશમાં ૭ ખાતર ફેક્ટરીઓ બનાવવામાં આવી છે. ૨૫ કરોડથી વધુ સોઈલ હેલ્થ કાર્ડ જાહેર કરવામાં આવ્યા છે. ૧૦ કરોડ હેક્ટર સુધી સૂક્ષ્મ સિંચાઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે. ખેડૂતો માટે પીએમ પાક વીમા યોજના હેઠળ આશરે ૨ લાખ કરોડ રૂપિયાના દાવા મંજૂર કર્યા છે. છેલ્લા ૧૧ વર્ષમાં ૧૦,૦૦૦ થી વધુ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) બનાવવામાં આવ્યા છે. પીએમ મોદીએ કઠોળ સ્વ-નિર્ભરતા મિશન પણ શરૂ કર્યું છે. આ અંગે જણાવ્યું હતું કે, કઠોળ આત્મ નિર્ભરતા મિશન ફક્ત કઠોળ ઉત્પાદન વધારવાનું મિશન નથી, પરંતુ આપણી ભાવિ પેઢીઓને સશક્ત બનાવવાનું અભિયાન છે. છેલ્લા ૧૧ વર્ષથી સરકારે ખેડૂતોને સશક્ત બનાવવા કૃષિમાં રોકાણ વધારવાનો પ્રયાસ કર્યો છે. ખેડૂતોને સુધારેલા બિયારણો, સંગ્રહ સુવિધાઓ અને તેમના ઉત્પાદનની ખાતરીપૂર્વક ખરીદીનો સીધો લાભ મળશે. આ



યોજનાના લોન્ચિંગ દરમિયાન, પીએમ મોદીએ કહ્યું હતું કે, છેલ્લા ૧૧ વર્ષમાં ભારતની કૃષિ નિકાસ લગભગ બમણી થઈ ગઈ છે. અનાજના ઉત્પાદનમાં આશરે ૯ કરોડ મેટ્રિક ટનનો વધારો થયો છે. ફળો અને શાકભાજીના ઉત્પાદનમાં ૬.૪ કરોડ મેટ્રિક ટનથી વધુનો વધારો થયો છે.

# અનિલ અંબાણી ગ્રુપના CFO ની ધરપકડ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય શેરબજારમાં શુક્રવારે, અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે, અનિલ અંબાણીની રિલાયન્સ પાવરના શેરમાં ઉછાળો જોવા મળ્યો. કંપનીના શેરમાં ૧૩ ટકાનો ઉછાળો જોવા મળ્યો. હવે, કંપની સંબંધિત વધુ માહિતી બહાર આવી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ રિલાયન્સ પાવરના ચીફ ફાઈનાન્શિયલ ઓફિસર (CFO) અશોક કુમાર પાલની ધરપકડ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ED એ શુક્રવારે રાત્રે દિલ્હીમાં તેમની ઓફિસમાં લાંબી વાતચીત બાદ અશોક પાલની ધરપકડ કરી હતી. ED ટીમ તેમને શનિવારે સવારે ૯:૩૦ વાગ્યે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરશે, જ્યાં તેઓ વધુ તપાસ માટે કસ્ટડી રિમાન્ડ માંગશે. આ ધરપકડ બનાવટી બેંક ગેરંટી કેસ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. અહેવાલ મુજબ, અશોક પાલની આશરે ૬૮.૨ કરોડના શંકાસ્પદ બેંક ગેરંટી કૌભાંડમાં સંડોવણીના આરોપસર ધરપકડ કરવામાં આવી છે.

ED રિલાયન્સ ગ્રુપમાં નાણાકીય અનિયમિતતાઓની તપાસ કરી રહી છે. અશોક પાલની ધરપકડ ૨૦૨૪ માં દાખલ કરાયેલી FIR ના આધારે કરવામાં આવી હતી, જેમાં સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (SECI) ને બનાવટી બેંક ગેરંટીનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

આ બનાવટી બેંક ગેરંટી અનિલ અંબાણીની બે કંપનીઓ, રિલાયન્સ NU BESS લિમિટેડ અને મહારાષ્ટ્ર એનર્જી જનરેશન લિમિટેડના નામે જારી કરવામાં આવી હતી.

ED એ આ મામલામાં અશોક પાલની ધરપકડ કરી હતી. અશોક પાલની રિલાયન્સ પાવરમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે પણ સેવા આપે છે. તેઓ છેલ્લા સાત વર્ષથી કંપની સાથે સંકળાયેલા છે. તેઓ અનિલ અંબાણીના નજીકના સહયોગીઓમાંના એક હોવાનું માનવામાં આવે છે. ED ની તપાસમાં ખુલાસો થયો છે કે ઓડિશા સ્થિત કંપની બિસ્વાલ ટ્રેડલિંક આ સમગ્ર નાણાકીય છેતરપિંડીમાં સામેલ હતી. ED ના જણાવ્યા અનુસાર, છેતરપિંડી બેંક ગેરંટી બિસ્વાલ ટ્રેડલિંક દ્વારા બનાવવામાં આવી હતી. કંપનીના ડિરેક્ટર પાર્થ સારથી બિસ્વાલને આ છેતરપિંડી બેંક ગેરંટી માટે ૮ ટકા કમિશન મળ્યું હતું. ઈંઢ એ ઓગસ્ટ ૨૦૨૫ માં પાર્થ સારથીની ધરપકડ કરી હતી. ED ને એ પણ જાણવા મળ્યું છે કે પાલે નકલી ટ્રાન્સપોર્ટ બિલ દ્વારા કરોડો રૂપિયાના પૈસા ટ્રાન્સફર કર્યા હતા. આ ચુકવણીઓને મંજૂરી આપવા માટે WhatsApp અને Telegram જેવી એપ્લિકેશનોનો ઉપયોગ કરવામાં આવતો હતો, જેથી માહિતી કંપનીની સત્તાવાર સિસ્ટમમાં નોંધાય નહીં. રિલાયન્સ પાવર કંપનીના શેરનો ભાવ ૯ ઓક્ટોબર, ૨૦૨૦ ના રોજ ૨.૭૫ હતો. શુક્રવાર, ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ, તેની કિંમત રૂા.૫૦.૭૦ થઈ ગઈ હતી. છેલ્લા પાંચ વર્ષમાં કંપનીના શેરમાં ૧૬૭૦ ટકાનો વધારો થયો છે.

શાળાઓને બંધ કરાવાઈ

# જાપાનમાં ફલુનો કહેર, ૪૦૦૦ દર્દીઓ નોંધાતા દેશવ્યાપી મહામારી જાહેર

## સરકારે લોકોને ફલુની બિમારી સામે સાવધ રહેવા અને જરૂરી રસી સમયસર લઈ લેવાની તાકીદ કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જાપાનમાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે ફલુની સિઝન પાંચ અઠવાડિયાં વહેલી શરૂ થઈ જતાં દેશમાં ચાર હજાર કરતાં વધારે ફલુના દર્દીઓ એક જ અઠવાડિયામાં નોંધાતાં સરકારે ફલુને દેશવ્યાપી મહામારી જાહેર કરી હતી. બાવીસ સપ્ટેમ્બરથી શરૂ થતાં અઠવાડિયામાં ૪૦૩૦ ફલુના દર્દીઓની સારવાર દવાખાનાઓમાં કરવામાં આવી હતી. આગલા સપ્તાહની સરખામણીમાં ૯૫૭ ફલુના કેસ વધારે નોંધાયા હતા. આ મહામારીને કારણે ૧૩૫ જેટલી શાળાઓને બંધ કરી દેવામાં આવી હતી.બીજી તરફ હેલ્થ સાયન્સીઝ યુનિવર્સિટી ઓફ હોક્કાઈડોના પ્રોફેસર યોકો ત્સુકામોટોએ જણાવ્યું



હતું કે દુનિયામાં જળવાયુપરિવર્તનને કારણે હવામાનમાં થઈ રહેલાં ફેરફારોના પરિણામે હવે ફલુની સિઝન કાયમી બની રહી છે. દુનિયામાં વિમાન પ્રવાસ સરળ બની રહ્યો હોઈ તેના કારણે આ પ્રકારની ચેપી બિમારી ઝડપથી ફેલાય છે. વળી આ રોગના વાઈરસ તેની પરંપરાગત સારવારો સામે પ્રતિકાર વિકિસત કરી ચૂક્યા હોઈ તેની સારવાર પણ પ્રમાણમાં લાંબી ચાલે છે. સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલમાં જણાવ્યા અનુસાર યામાગાટા પ્રિફેકચરમાં ૩૬માંથી ૨૨ વિદ્યાર્થીઓને ફલુ થઈ જતાં એક પ્રાથમિક શાળાને બંધ કરી દેવી પડી હતી.સરકારે લોકોને ફલુની બિમારી સામે સાવધ રહેવા અને જરૂરી રસી સમયસર લઈ લેવાની તાકીદ કરી હતી. લોકોએ શેરીઓમાં માસ્ક પહેરીને ફરવાની શરૂઆત કરી નાંખી હતી. ગયા વર્ષે ડિસેમ્બર ૨૦૨૪ ના છેલ્લા અઠવાડિયામાં પણ ફલુના ૩૧૭૦૦૦ કેસો નોંધાયા હતા. હોલીડે સિઝન દરમ્યાન પ્રવાસનું પ્રમાણ વધતાં ફલુનો ચેપ વધારે ફેલાયો હતો. મોટાપાયે ફલુ ફેલાતાં આરોગ્ય તંત્ર પણ કથળી ગયું હતું અને ટેમી ફલુ નામની દવા પણ ખલાસ થઈ ગઈ હતી. એવિઅન ફલુનો ચેપ કાબૂ બહાર જતો રહેતાં જાપાનમાં જાન્યુઆરી ૨૦૨૫ માં ૫૦ લાખ પંખીઓને મારી નાંખવામાં આવ્યા હતા.




# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રપ્રથમના ભાવને ઉજાગર કરતી 'મેરા દેશ પહલે'ની પ્રસ્તુતિએ ગુજરાતમાં જગાવી નવા ભારતની ભાવના

### પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જીવન યાત્રાના અનેક પહેલુંઓ વર્ણવતી રોમાંચક મ્યુઝિકલ ગાથા પ્રસ્તુત કરી




વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની 'મેરા દેશ પહલે'નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો હતો.

શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ વડનગર જ્યાંથી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા શરૂ થઈ અને હવે દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફર તથા રાષ્ટ્રને સમર્પિત તેમના જીવનની વણકહી બાજુઓની પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ જ નહિ, રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદશ કરનારી બની રહી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, રાજ્યમંત્રી મંડળના મંત્રીશ્રીઓ ઉદ્યોગ વ્યાપાર જગતના અગ્રણીઓ સવશ્રી પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના શ્રી ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓ, ઉદ્યોગ-વ્યાપારકારો અને મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી સહિતના વરિષ્ઠ સચિવો અને ઉચ્ચ અધિકારીઓએ આ મંચન માણ્યું હતું. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થી તરીકે શરૂ થયેલી સફર સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝિલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવા તેમજ વડાપ્રધાનશ્રી તરીકે દેશની સેનાને તેમણે આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા, રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું દ્રશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. લેખક, નિર્માતા અને પ્રસ્તુતકર્તા મનોજ મુંતશિરના રસાળ અને સચોટ સંચાલન સાથે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ ગિફ્ટ સિટી પરિસરને રાષ્ટ્રભક્તિમય બનાવી દીધું હતું.વિશાળ સંખ્યામાં આ શૉને નિહાળવા ઉમટી પડેલી યુવાશક્તિ અને સમાજ જીવનના અગ્રણીઓની ઉપસ્થિતિએ પુરવાર કર્યુ છે કે, 'મેરા દેશ પહલે' એ માત્ર કોઈ સામાન્ય શૉ નહિં, પરંતુ નવી પેઢીની વિચારધારાનું પ્રતીક બની ગયો છે.

'મેરા દેશ પહલે' - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ શ્રી નરેન્દ્ર મોદીની દેશભરમાં થઈ રહેલી આ પ્રસ્તુતિ એ વાતનું પ્રમાણ છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં 'નેશન ફર્સ્ટ'ની ભાવના હવે ઐતિહાસિક સાંસ્કૃતિક આંદોલન બની ગઈ છે તેમાં વડાપ્રધાનશ્રીની વતનભૂમિ ગુજરાતના યુવાઓ સહિત સૌ કોઈ ઉત્સાહથી જોડાઈ રહ્યાં છે.

## તંત્રી લેખ......

### હોસ્પિટલમાં આગ જવાબદાર કોણ?

સરકારી ઈમારતોને શું થઈ રહ્યું છે? ક્યાંક આગ લાગી રહી છે, ક્યાંક બિલ્ડિંગ પડી રહ્યું છે? જયપુરની સવાઈ માનાસિંહ (એસએમએસ) હોસ્પિટલના ન્યૂરો આઈસીયુમાં શોર્ટસર્કિટને કારણે લાગેલી આગ મામલે રાજસ્થાન હાઈકોર્ટે કરેલી આ ટિપ્પણીમાં ગત જુલાઈ મહિનામાં ઝાલાવાડ ગામમાં સરકારી શાળાનું મકાન ધરાશાયી થતાં સાત વિદ્યાર્થીનાં મોત થયાં હતાં એ ઘટનાને પણ યાદ કરાઈ હતી. હજી ગયાં વર્ષે નવેમ્બર મહિનામાં ઉત્તર પ્રદેશના ઝાંસીમાં મહારાણી લક્ષ્મીબાઈ મેડિકલ કોલેજમાં લાગેલી આગમાં ૧૧ નવજાત બાળકો કાળનો કોળિયો બની ગયાં હતાં. હોસ્પિટલમાં બનતી આવી ઘટનાઓ છતાં નીંભર તંત્રની આંખ ઊઘડતી નથી. ઝાંસીની હોસ્પિટલમાં નીઓનેટલ આઈસીયુમાં, તો એસએમએસ હોસ્પિટલના ન્યૂરો આઈસીયુમાં આગ લાગી હતી. એક જગ્યાએ નવજાત બાળકો તો બીજી જગ્યાએ એવા ગંભીર દરદીઓ હતા, આ બંને પોતાની મેળે હલનચલન કરી શકે એવી સ્થિતિમાં નહોતાં. બંને સરકારી હોસ્પિટલમાં ફાયર સેફ્ટી અને મૂળભૂત તકેદારી તથા વ્યવસ્થાનો અભાવ બંને ઘટનામાં ઊડીને આંખે વળગે એવી બાબતો હતી. એસએમએસ હોસ્પિટલમાં આગની ઘટના બાદ જે કંઈ થયું એના ભયાનક અહેવાલો સામે આવી રહ્યા છે, જે વિચલિત કરનારા છે. હોસ્પિટલના સ્ટાફને આગ લાગ્યાની જાણકારી મળી છતાં ઝડપી પગલાં લીધાં નહીં અને આગ ફેલાયા બાદ દર્દીઓને બચાવવાની દરકાર પણ કોઈએ લીધી નહોતી. અહેવાલો તો એવા પણ છે કે, છ વર્ષ પહેલાં પણ અહીં આવી જ આગ લાગી હતી. જો કે, એ વખતે સદનસીબે જાનહાનિ થઈ નહોતી. વળી, છેલ્લા એક દાયકામાં અહીં મોકડ્રીલ પણ હાથ ધરાઈ નહોતી. સરકારે હવે છ સભ્યની સમિતિ આગ પાછળનાં કારણોની તપાસ કરવા માટે નીમી છે, કેટલાક કર્મચારીઓને નિલંબિત કરાયા છે, કોઈકને કાઢી મુકાયા છે અને ફાયર સેફ્ટી માટે જવાબદાર એજન્સીનું લાયસન્સ પણ રદ કરાયું છે. મૃતકોના સંબંધીઓને ૧૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરાઈ છે. સરકાર પોતાનું કાર્ય કર્યાનો સંતોષ લેશે, તપાસ સમિતિનો અહેવાલ આવશે અને કેટલાક લોકોની નોકરી જશે, બસ વાત પૂરી. દુઃખદ બાબત એ છે કે, છેલ્લાં કેટલાંય વર્ષોથી આ એક પેટર્ન બની ગઈ છે. નિર્દોષોના જીવ જાય છે અને સરકાર તપાસનો આદેશ આપી, વળતર જાહેર કરી સંતોષ માની લે છે. જવાબદાર નક્કી કરવા કરતાં જવાબદારી તય કરી, ઉદાહરણ બેસે એવાં પગલાં લેવાની સાથે સરકારી હોસ્પિટલોના કારભારમાં માનવતા-સંવેદના ભળે એ સમયની માંગ છે. મૃતકોના પરિવારોને સાંત્વના કે વળતરની રકમ કરતાં જવાબદાર વ્યક્તિને યોગ્ય સજા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને એ માટેનાં પગલાં લેવાય એ સરકારની ફરજ છે.

# રાજ્યની ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય વળતરના વધારાના અનુદાનરૂપે રૂ.૫૭૬ કરોડની રકમ ચૂકવણીનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

### મુખ્યમંત્રીશ્રીએ વિકાસ સપ્તાહ અંતર્ગત 'વિકસિત ગામ, વિકસિત ગુજરાત' કાર્યક્રમમાં 'સ્વચ્છતા હી સેવા' અન્વયે શ્રેષ્ઠતા માટેના સન્માન અને સ્વ-સહાય જૂથોનું અભિવાદન કર્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય વળતરના વધારાના અનુદાનરૂપે રૂ. ૫૭૬ કરોડની રકમ ચૂકવણીનો પ્રારંભ રાજકોટથી કરાવ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૭ ઓક્ટોબર, ૨૦૦૧થી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સફળ દાયિત્વ સંભાળીને આજે વડાપ્રધાન તરીકે દેશને આપેલા સુશાસન અને વિકાસની ઉજવણી પ્રતિવર્ષ ગુજરાતમાં વિકાસ સપ્તાહ તરીકે તા. ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન કરવામાં આવે છે.

આ વર્ષના વિકાસ સપ્તાહના પાંચમા દિવસે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને મહાનુભાવોની પ્રેરક ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે રાજ્યકક્ષાનો 'વિકસિત ગામ, વિકસિત ગુજરાત' કાર્યક્રમ યોજાયો હતો

આ કાર્યક્રમમાં તેમણે રાજ્યની ગ્રામ પંચાયતોની ઓક્ટ્રોય વળતરના વધારાના અનુદાન રકમની ચુકવણીની પ્રતીકરૂપે શરૂઆત ઉપરાંત 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારી પંચાયત સહિતની આઠ જેટલી સરકારી સંસ્થાઓનું સન્માન અને ચાર સ્વ-સહાય જૂથોનું અભિવાદન કર્યું હતું.

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસને વેગ આપવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં ઓક્ટ્રોય નાબૂદી કરી હતી. ઓક્ટ્રોયની આવકના અભાવે ગામોનો વિકાસ અટકે નહીં, વિકાસ કામો સતત ચાલતા રહે તે માટે છેલ્લા એક દાયકામાં રાજ્યની ગ્રામ પંચાયતોને ઓક્ટ્રોય નાબૂદીના વળતર પેટે વધારાના અનુદાન તરીકે રૂ. ૫૭૬ કરોડથી વધુનું અનુદાન આપ્યું છે. એટલું જ નહિ, ગામડાઓમાં રોડ, વીજળી, પાણી જેવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ માટે વડાપ્રધાનશ્રીએ નાણાપંચની ગ્રાન્ટમાં પણ ઉત્તરોત્તર વધારો કર્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, સમરસ પંચાયતોને પ્રોત્સાહક ગ્રાન્ટ આપવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નિર્ણયથી ગ્રામ પંચાયતોના વિકાસને વેગ મળ્યો છે અને આ વર્ષે તો રાજ્યમાં ૭૬૧ ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. પંચાયતના શાસનમાં યુવાનોની ભાગીદારી વધી રહી છે અને આ વર્ષે ૪૨ ટકા સરપંચો ૨૧થી ૪૦ વર્ષના છે. પીએચ.ડી. થયેલા અનેક યુવાનો પણ સરપંચ બનીને ગામનું નેતૃત્વ કરી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સક્ષમ પંચાયતોને સશક્ત, સમૃદ્ધ ગુજરાતનો આધાર બનાવી છે. સમરસ ગ્રામ, તીર્થગ્રામ, ઈ-ગ્રામ વિશ્વગ્રામ, જ્યોતિગ્રામ, પાવન ગામ એવા ગ્રામવિકાસના અનેકવિધ સફળ આયામો આપ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં વિકાસ કામોની સકારાત્મક માનસિકતા અને કાર્ય સંસ્કૃતિ અંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, એક સમયે કોર્પોરેશનમાં રૂ. ૧૦ હજારના કામની મંજૂરી માટે પણ લાંબો સમય લાગતો હતો. પરંતુ આજે રૂપિયા એક કરોડ સુધીનાં કામ તો કોર્પોરેટરો પણ કરાવી શકે છે.

ગ્રામીણ વિકાસ અને મહિલાઓના સશક્તિકરણનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, સખીમંડળોને દરેક પ્રકારની મદદ કરવા રાજ્ય સરકાર હંમેશા તત્પર હોય છે. ડ્રોન દીદી યોજનાથી મહિલાઓ આર્થિક રીતે સક્ષમ બની રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનની સિલ્વર જ્યુબિલી થવા જઈ રહી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની રાજકીય યાત્રામાં રાજકોટના યોગદાનને મહત્વનું ગણાવતા તેમણે કહ્યું હતું કે, રાજકોટની પ્રજાએ મૂકેલો ભરોસો આજે દેશના ૧૪૦ કરોડ નાગરિકોનો જનવિશ્વાસ બન્યો છે.

વિકસિત ભારતનો સંકલ્પ સાકાર કરવા માટે છેવાડાનો માનવી વિકાસના મુખ્ય પ્રવાહમાં આવે તે માટે સરકારી યોજનાઓના નિર્માણમાં નાનામાં નાના માણસને કેન્દ્રમાં રાખવાની ચિંતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કરે છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

આત્મનિર્ભર ભારત માટે શ્રી નરેન્દ્રભાઈએ દેશવાસીઓમાં જગાવેલા વિશ્વાસનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, મન કી બાતમાં રમકડાઓની આયાત ઘટાડવા અંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા આહવાન પછી દેશમાં ચિત્ર બદલાયું અને આજે ભારતમાં બનેલાં રમકડાં ૧૪૩ દેશમાં નિકાસ થાય છે. વાઈબ્રન્ટ સમિટથી છેવાડાના વિસ્તારમાં ધંધા-રોજગાર વધે તેવી શ્રી નરેન્દ્રભાઈએ આપેલી પ્રેરણાને અનુસરતાં હવે ગુજરાતમાં રિજનલ વાયબ્રન્ટ સમિટ યોજવામાં આવી રહી છે.

ભારતને આત્મનિર્ભર અને વિકસિત અર્થવ્યવસ્થા બનાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવા આપણે સ્વદેશીને અપનાવીએ, સ્વદેશી વસ્તુઓ જ વેચીએ, ખરીદીએ અને તેનો ઉપયોગ કરીએ તેવું આહવાન મુખ્યમંત્રીશ્રીએ કર્યું હતું.

આ વેળાએ સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોના કારણે આજે સરકારી વહીવટમાં ગામડું કેન્દ્રમાં આવ્યું અને ગોકુળગ્રામ, નિર્મળ ગામ અને સમરસ ગામ જેવા અભિગમથી ગ્રામીણ વિકાસને વેગ મળ્યો. સરપંચો ગામની પ્રગતિ પર ગર્વ કરતા થયા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના શાસનમાં ગામડાંઓની નોંધપાત્ર પ્રગતિને લીધે અનેક ગામોને 'વિકસિત ગામ'નો દરજ્જો મળ્યો છે. વડાપ્રધાનશ્રીના નિર્ણયના કારણે ૧૪મા નાણાપંચથી ગ્રામ પંચાયતોને આવશ્યક અધિકાર, વ્યવસ્થા અને સત્તા આપવાનું શક્ય બન્યું છે. વિકાસ સપ્તાહની ઉજવણીના માધ્યમથી ગુજરાત સરકારની વણથંભી વિકાસયાત્રા ગામડે-ગામડે જઈ ગામડાંઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપી રહી છે.

આ અવસરે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રવીણાબહેન રંગાણીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અગ્રસચિવ શ્રી મિલિન્દ તોરવણેએ સ્વાગત પ્રવચન કર્યું જ્યારે પંચાયત વિભાગના અધિક વિકાસ કમિશનર ડૉ. ગૌરવ દહિયાએ આભારવિધિ કરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ શહેર-જિલ્લાનાં આશરે રૂ. ૧૯૪ કરોડના વિકાસકાર્યોના ઈ-ખાતમુહૂર્ત કરીને 'દિવાળી ભેટ' આપી હતી. સ્વદેશી વસ્તુઓને પ્રોત્સાહન આપવા સખી મંડળો દ્વારા નિર્મિત અનોખી વસ્તુઓ, પટોળા, માટીના વાસણો, હેન્ડીક્રાફ્ટ, મોતીકામ જેવી વિવિધ વસ્તુઓના પ્રદર્શન કમ વેચાણ સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા હતા. તેમજ ડ્રોન દીદીની નવી ટેકનોલોજીની ઉડાન સાથે કાર્યકુશળતાનું પ્રદર્શન યોજાયું હતું. આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ધારાસભ્યો શ્રી ડો. દર્શિતાબેન શાહ, શ્રી ઉદયભાઈ કાનગડ, શ્રી રમેશભાઈ ટીલાળા, શ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, શ્રી જયેશભાઈ રાદડીયા, શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી વિક્રાંત પાંડે, ખાસ ફરજ પરના અધિકારી શ્રી ધીરજ પારેખ, રાજકોટ મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, પ્રાદેશિક નગરપાલિકા કમિશનર શ્રી મહેશભાઈ જાની, પી.જી.વી.સી.એલ. એમ.ડી. શ્રી સુધીર પટેલ, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શ્રી રાજુભાઈ ડાંગર, ડેપ્યુટી મેયર શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી જયમીનભાઈ ઠાકર, પંચાયત સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી પી. જી. કયાડા, પૂર્વ સાંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, અગ્રણીઓ શ્રી ભરતભાઈ બોઘરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમદાવાદમાં ૧૦મો સ્ટીલ બ્રિજ સફળતાપૂર્વક લોન્ચ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરીમાં વધુ એક સીમાચિહ્ન પ્રાપ્ત થયું છે. ગુજરાતના અમદાવાદમાં પ્રોજેક્ટના ૧૦મા સ્ટીલ બ્રિજનું બાંધકામ સફળતાપૂર્વક પૂર્ણ કરી તેને લોન્ચ કરવામાં આવ્યો છે. આ ૬૦ મીટર લાંબો સ્ટીલ બ્રિજ રેલવે ટ્રેકની નજીક સ્થિત પશ્ચિમ રેલ્વેની સુવિધા (લોન્ડ્રી) ઉપરથી પસાર થશે.મહિનાઓનું ઝીણવટભર્યું આયોજન અને તૈયારી બાદ આ બ્રિજનું લોન્ચિંગ માત્ર ૭ કલાકના અત્યંત ટૂંકા સમયગાળામાં ચોકસાઈ સાથે પૂર્ણ કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે અમદાવાદ જિલ્લામાં બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે લોન્ચ કરાયેલો આ પહેલો સ્ટીલ બ્રિજ છે. ૪૮૫ મેટ્રિક ટન વજન ધરાવતા આ પુલને ટ્રાન્સવર્સ લોન્ચિંગ પદ્ધતિથી સ્થાપિત કરવામાં આવ્યો. આ માટે પુલને જમીનથી ૧૬.૫ મીટરની ઊંચાઈ પર અસ્થાયી ટ્રેસલ પર એસેમ્બલ કરાયો હતો. ત્યારબાદ સ્ટેબિલિટી માટે લૉકિંગ ટ્રૉલીના સપોર્ટ સાથે, ૨૦૦-ટન ક્ષમતાવાળા બે સેમી-ઓટોમેટિક જેકની મદદથી માત્ર ૭ કલાકમાં તેને સાઇડ-સ્લ્યૂ (બાજુમાં ખસેડવાની) કરીને તેની અંતિમ જગ્યાએ ગોઠવવામાં આવ્યો. ૧૨ મીટર ઊંચાઈ અને ૧૧.૪ મીટર પહોળાઈ ધરાવતો આ પુલ વર્ધા (નાગપુર, મહારાષ્ટ્ર) ખાતે વિશેષ વર્કશોપમાં ફેબ્રિકેટ કરવામાં આવ્યો હતો અને તેને ખાસ ડિઝાઈન કરેલા ટ્રેલરનો ઉપયોગ કરીને અમદાવાદ લાવવામાં આવ્યો હતો. પુલના નિર્માણમાં લગભગ ૨૦૩૬૦ ટોર-શિયર પ્રકારના હાઈ સ્ટ્રેન્થ (ટીટીએચએસ) બોલ્ટ્સનો ઉપયોગ થયો છે, તેમજ વધારે ટકાઉપણા અને વાયબ્રેશન નિયંત્રણ માટે ઈલાસ્ટોમેરિક બેરિંગ્સ મૂકવામાં આવ્યા છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન વિયાડક્ટ અમદાવાદમાં કુલ ૩૧ ક્રોસિંગ્સમાંથી પસાર થશે, જેમાં રેલ્વે ટ્રેક્સ, ફ્લાયઓવર્સ, નહેર, સાબરમતી નદી પર એક રિવર પુલ ક્રોસિંગ અને છ સ્ટીલ પુલ્સનો સમાવેશ થાય છે. સમગ્ર કોરિડોર માટે કુલ ૨૮ સ્ટીલ પુલ બનાવવાની યોજના છે, જેમાંથી ૧૭ ગુજરાતમાં અને ૧૧ મહારાષ્ટ્રમાં છે.

## લીંબાયતમાં જૂની અદાવતમાં યુવક પર જીવલેણ હુમલો કરનારની ધરપકડ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરના લીંબાયત વિસ્તારમાં તાજેતરમાં ગોરખ વાઘ ગેંગના માથાભારે તત્વોએ મચાવેલા આતંકના મામલે પોલીસે કડક કાર્યવાહી કરી છે.

જૂની અદાવતમાં એક યુવક પર જીવલેણ હુમલો કરનાર ગેંગના બે મુખ્ય આરોપીઓની પોલીસે ધરપકડ કર્યા બાદ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાનો સંદેશો આપવા માટે તેમનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું.

લીંબાયતના સંજય નગર વિસ્તારમાં ગોરખ વાઘ ગેંગના સભ્યોએ જૂની અદાવત રાખીને એક યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કર્યો હતો.

## ગાંધીનગરના કુડાસણમાં દિવાળીમાં ઘરની સફાઈ કરવા બોલાવેલ અજાણ્યા માણસે દાગીના સહિત રીવોલ્વરની કરી ચોરી




પ્રતિનિધિ,ગાંધીનગર

દિવાળીમાં અજાણ્યા લોકોને ઘરકામ બોલાવતા પહેલા સાવધાની રાખવી ખુબ જ જરૂરી છે. રાજયના પાટનગર ગાંધીનગરના કુડાસણમાં એક મકાનમાં અજાણ્યા કામ કરનાર લોકોએ રીવોલ્વર સહિત દાગીનાની ચોરી કરી હોવાનુ બહાર આવ્યુ છે.

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં રાધે એમ્પાયરમાં રહેતા જસુબેન બારડે તેમની સોસાયટીમાં અલગ અલગ બે મકાનમાં કામ કરનારા અજાણ્યા લોકોને દિવાળીની સાફ સફાઈ માટે પોતાના મકાને બોલાવ્યા હતા. બે દિવસ મકાનમાં સાફ સફાઈ બાદ સામાન પરત ગોઠવતી વખતે ધ્યાન આવ્યુ કે ઘરનો કેટલોક સામાન ગાયબ થયેલો હતો. તેમણે આ મામલે કામવાળા લોકોની પણ પુછપરછ કરી હતી. જો કે આખરે પરીવારે પોલીસનો સંપર્ક કરી અને મામલાની જાણકારી આપી હતી. પોલીસ અને ફરીયાદીએ વારંવાર આરોપીના ફોન પર સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. આખરે ગાંધીનગર પોલીસે આરોપીને પકડવા માટે છટકુ ગોઠવી અજાણ્યા વ્યકિત પાસે કામ કરવા માટે ફોન કરાવ્યો અને આરોપી પકડાઈ ગયો હતો જો કે તેની સાથે રહેલા અન્ય સાથીદારો હજુ પોલીસ પકકડથી દુર છે. સમગ્ર કેસમાં સોસાયટીના સેક્રેટરી કે જેમણે અજાણ્યા વ્યકિત તરીકે આરોપીને ફોન કરી બોલાવ્યો હતો, તેમણે કહ્યુ કે આરોપીને અમે કામ કરવા માટે ફોન કરી બોલાવ્યો અને પકડીને પોલીસને સોંપ્યો છે. આખી ઘટના બાદ પરીવાર અને પોલીસ પણ લોકોને આવા અજાણ્યા લોકો સામે સાવચેત રહેવા માટે અપીલ કરે છે. તહેવારોમાં અજાણ્યા લોકોને બોલાવતા પહેલા સાવચેત રહેવા અને કિંમતી સામાન યોગ્ય રીતે મુકવા માટે અપીલ કરાઈ છે.

## સાણંદના લોદરિયાળ ગામમાં ત્રણ મૃતદેહ મળી આવતા ખળભળાટ મચ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ચાંગોદરના લોદરિયાળ ગામમાં પ્રેમ પ્રકરણનો કરૂણ અંત આવ્યો છે. લોદરિયાળ ગામમાં ત્રણ મૃતદેહ મળી આવતા ખળભળાટ મચી ગયો છે. પ્રેમીએ પહેલા પરિણીત પ્રેમિકા અને તેની દીકરીની હત્યા કરી હતી. જે બાદ પ્રેમીએ પણ આપઘાત કરી લીધો હોવાનો ખુલાસો થયો છે.

પ્રેમિકાને અન્ય સાથે પણ પ્રેમ હોવાની શંકા રાખી પ્રેમીએ હત્યા કરી હોવાની પોલીસને શંકા છે. મહત્વનું છે કે, મૃતક પરિણીતાની તેના પતિ સાથે છૂટાછેડાની પ્રક્રિયા ચાલી રહી છે. પોલીસે કાયદેસરની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસને ઘટના સ્થળેથી ૧૦ પાનાની સુસાઈડ નોટ મળી આવી છે. પોલીસે સમગ્ર મામલો વધુ તપાસ હાથ ધરી છે.

સમગ્ર ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ગતરોજ શુક્રવારે સાંજે સાત વાગ્યે ચાંગોદર પોલીસ પર મેસેજ આવ્યો હતો કે એક રૂમમાંથી પુરુષ, મહિલા અને બાળકીનો મૃતદેહ મળી આવ્યો છે. પોલીસને જાણ થતાં જ ચાંગોદર પોલીસ ઘટનાસ્થળ પર પહોચી હતી. પ્રણય ત્રિકોણમાં બનાવ બન્યો હોવાનો ખુલાસો પોલીસની પ્રાથમિક તપાસમાં થયો છે.


બનાવ સ્થળેથી મળેલી સુસાઈડ નોટમાં સંજય ઠાકોરના નામનો ઉલ્લેખ છે. સંજય ઠાકોરને મૃતક મહિલા ગીતા સાથે છેલ્લા દોઢેક વર્ષથી પ્રેમ સંબંધ હતો. રણછોડ મૃતક ગીતા સાથે લગ્ન કરવા માંગતો હતો. રણછોડ થોડા દિવસો પહેલા જ જેલ માંથી બહાર આવ્યો હતો. રણછોડ તેની પત્ની સાથે છૂટાછેડાના કેસમાં જેલમાં ગયો હતો.

જ્યારે ગીતા અને તેના પતિના છૂટાછેડાની પ્રક્રિયા હાલ ચાલી રહી હતી. આ સંજોગો દરમિયાન રણછોડે ગીતા અને તેની દીકરીની ગળું કાપીને હત્યા કરી પોતે આત્મહત્યા કરી છે. જેના પગલે હાલ રણછોડ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરાયો છે. મૃતક રણછોડ પાસેથી મળેલી સુસાઈડ નોટમાં અનેક ખુલાસા થઈ શકે છે. રસપ્રદ વાત એ છે કે, તેણે પોલીસ સ્ટાફ સહિત તમામને એડવાન્સમાં દિવાળીની શુભકામના પાઠવતો મેસેજ પણ સુસાઈડ નોટમાં લખ્યો હતો.

અન્ય મળતી માહિતી અનુસાર, રણછોડ ઘટના સ્થળે વીસ દિવસથી રહેતો હતો. સંજય ઠાકોરની પૂછપરછ પ્રમાણે ગીતા તેની સાથે લગ્ન કરવા માંગતી હતી. સંજય ઠાકોર બનાસકાંઠાનો છે અને છૂટક મજૂરી કરે છે. જ્યારે ગીતા મૂળ અમરાઈવાડીમાં પરિવાર સાથે રહેતી હતી. ગીતા અને રણછોડ વચ્ચે સાત વર્ષ થી પ્રેમ સંબંધ હતો.

સંજય સાથે ગીતા દોઢેક વર્ષથી સાથે જોડાયેલા હતા. ઘટના બનતા પહેલા રણછોડ અને ગીતાએ વીડિયો પણ બનાવ્યો હતો. વીડિયોમાં રણછોડે જણાવ્યું હતું કે "અમે એવી યાદો બનાવીશું કે દુનિયા અમને યાદ રાખશે." પતિ સાથેના ઘરકંકાસના કારણે ગીતા તેના માતા પિતા સાથે રહેતી હતી અને બળિયાદેવના મંદિરે દર્શન કરવા માટે જઈ રહી હોવાનું કહીને ઘરેથી નીકળી રણછોડને મળવા માટે આવી હતી.

ગીતાએ રણછોડ અને સંજય સાથે રહેવાનો વાયદો કર્યો હતો. સંજય મૂળ બનાસકાંઠાનો વતની છે. જ્યારે ગીતા અમરાઈવાડીમાં પિયરમાં રહે છે. ગીતા અને રણછોડ લાંબા સમયથી પ્રેમ સંબંધમાં હતા. ગીતાનો સંજય સાથે પણ પ્રેમ સંબંધ હતો. ગીતાનો પતિ રણછોડનો સાળો છે. જ્યારે સંજય અને ગીતાની મુલાકાત કેટરિંગના વ્યવસાય દરમિયાન થઈ હતી. ચાંગોદર પોલીસે કેસની વધુ તપાસ હાથ ધરી છે.




RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### આપણે સૌ સ્વદેશી અપનાવીને રાષ્ટ્ર માટે સમર્પિત ભાવથી કાર્ય કરીએ : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

# રાષ્ટ્રપતિ મહોદયા દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં ગુજરાત વિદ્યાપીઠનો ૭૧મો દીક્ષાંત સમારોહ સંપન્ન

## વિદ્યાર્થીઓ ગાંધીજીના આદર્શોને આત્મસાત કરી આત્મનિર્ભર ભારતના સંવાહક બનેઃ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ





રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠનો ૭૧મો દીક્ષાંત સમારોહ રાષ્ટ્રપતિ મહોદયા દ્રૌપદી મુર્મુની અધ્યક્ષતામાં વિદ્યાપીઠ પરિસરમાં યોજાયો હતો.

વિદ્યાપીઠના કુલાધિપતિ અને ગુજરાત તેમજ મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે સ્નાતકોને પદવી એનાયત કરવાની ઘોષણા કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે દીક્ષાંત સમારોહમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. રાષ્ટ્રપતિશ્રીના દ્વારા ૭ વિદ્યાશાખાઓના ૧૮ વિભાગોના ૭૧૩ જેટલા વિદ્યાર્થીઓએ પદવી એનાયત કરાઈ હતી.

સૌપ્રથમ વખત ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા અભ્યાસની સાથે સાથે સામાજિક પ્રવૃતિના આધારે વિદ્યાર્થિઓને સુવર્ણ ચંદ્રકથી સન્માનિત કરાયા હતા.

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ગુજરાત વિદ્યાપીઠના ઐતિહાસિક પરિસરમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં જણાવ્યું કે, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના મુખ્ય કાર્યસ્થળ એવી આ પવિત્ર ભૂમિ પર આવીને તેમને અત્યંત આનંદની અનુભૂતિ થઈ રહી છે. તેમણે આ સ્વાધીનતા સંગ્રામના આદર્શોની ભૂમિ પરથી બાપુની પાવન સ્મૃતિને આદરપૂર્વક નમન કર્યા હતા.

રાષ્ટ્રપતિશ્રીએ વિદ્યાપીઠના ગૌરવશાળી ઈતિહાસને યાદ કરતાં જણાવ્યું કે, વર્ષ ૧૯૨૦માં બ્રિટિશ સરકાર વિરુદ્ધના અસહકાર આંદોલન દરમિયાન ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવી હતી. તે સમયે દેશવાસીઓને બ્રિટિશ હસ્તકની શાળાઓ અને કૉલેજોનો ત્યાગ કરી રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓની સ્થાપના કરવા માટે આહ્વાન કરાયું હતું. આ આહ્વાનને પગલે દેશવાસીઓના સંસાધનોથી નિર્માણ પામેલી આ વિદ્યાપીઠ, રાષ્ટ્રનિર્માણ અને આત્મનિર્ભરતાના જીવંત આદર્શોનું ૧૦૫ વર્ષ જૂનું ઐતિહાસિક પ્રતીક છે.

તેમણે ઉમેર્યું કે, ઓક્ટોબર ૧૯૨૦માં સ્થાપનાથી લઈને જાન્યુઆરી ૧૯૪૮ સુધી સ્વયં મહાત્મા ગાંધીજી આ સંસ્થાના કુલાધિપતિ (ચાન્સેલર) રહ્યા હતા. તેમના પછી સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને શ્રી મોરારજી દેસાઈ જેવા મહાપુરુષોએ કુલાધિપતિ તરીકે વિદ્યાપીઠને માર્ગદર્શન આપ્યું. રાષ્ટ્રપતિશ્રીએ ભારપૂર્વક કહ્યું કે, દેશમાં ભાગ્યે જ કોઈ એવી સંસ્થા હશે જેને ૭૫ વર્ષ સુધી આવી મહાન વિભૂતિઓનું માર્ગદર્શન મળ્યું હોય, અને આ જ કારણે દેશવાસીઓને વિદ્યાપીઠ પાસેથી વિશેષ અપેક્ષાઓ હોવી સ્વાભાવિક છે.

રાષ્ટ્રપતિશ્રીએ ઐતિહાસિક દાંડી યાત્રા પૂર્વેના એક દીક્ષાંત સમારોહને યાદ કરતાં કહ્યું કે, ગાંધીજીએ તે સમયે વિદ્યાર્થીઓને દેશના સ્વરાજ આંદોલનમાં અગ્રેસર રહેવા આહ્વાન કર્યું હતું. આ દર્શાવે છે કે બાપુ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય અભિયાનમાં અગ્રણી તરીકે જોતા હતા. તેમણે વિદ્યાર્થીઓ દ્વારા ૫૦,૦૦૦ ગ્રામ્ય વિચરણ કરીને કરવામાં આવેલી સમાજ સેવાની પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી.ગુજરાતની સ્વરોજગાર અને ઉદ્યમશીલતાની સંસ્કૃતિનો ઉલ્લેખ કરતાં રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, દેશ-વિદેશમાં ગુજરાતીઓએ પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

તેમણે વિદ્યાર્થીઓને આત્મનિર્ભરતાની આ સંસ્કૃતિના સંવાહક બની તેને સમગ્ર દેશમાં પ્રોત્સાહિત કરવા અનુરોધ કર્યો હતો.

તેમણે કહ્યું, "સ્વદેશીના રાષ્ટ્રવ્યાપી અભિયાનમાં તમારે સક્રિય ભૂમિકા ભજવવાની છે. 'રાષ્ટ્ર સર્વોપરી'ની ભાવના સાથે સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનું છે."

**શિક્ષણનો સાચો અર્થ અને સામાજિક દાયિત્વ**

ગાંધીજીના વિચારોને ટાંકીને રાષ્ટ્રપતિશ્રીએ કહ્યું કે, આશાનું કિરણ બહાર નહીં, પરંતુ આપણા હૃદયની અંદર શોધવાનું છે. તેમણે વિદ્યાપીઠના સૂત્ર 'સા વિદ્યા યા વિમુક્તયે' નો અર્થ સમજાવતા કહ્યું કે, જે વિદ્યા મુક્તિ અપાવે તે જ સાચી વિદ્યા છે. માત્ર આજીવિકા માટે વિદ્યા ગ્રહણ કરવી ઉચિત નથી, કારણ કે વિદ્યા તો આજીવન ચાલનારી પ્રક્રિયા છે. તેમણે વિદ્યાર્થીઓને સમાજ અને રાષ્ટ્રની પ્રગતિને ધ્યાનમાં રાખીને જીવન જીવવા અને સમાજ સેવા દ્વારા દેશનું ઋણ ચૂકવવા માટે પ્રેરણા આપી.

તેમણે 'સર્વોદય'ના સિદ્ધાંતને અનુસરીને સમાજના વંચિત વર્ગોના હિતમાં કામ કરવા અને પર્યાવરણ અનુકૂળ વિકાસ માટે પ્રયાસ કરવા જણાવ્યું.

રાષ્ટ્રપતિશ્રીએ એ વાત પર ખુશી વ્યક્ત કરી કે વિદ્યાપીઠમાંથી સ્નાતક થનાર દીકરીઓની સંખ્યા દીકરાઓ કરતાં વધુ છે. તેમણે કહ્યું કે દીકરીઓને શિક્ષણમાં સમાન તકો અને જરૂર પડ્યે વિશેષ સુવિધાઓ મળવી જોઈએ. તેમણે નવી શિક્ષણ નીતિની પ્રશંસા કરતાં કહ્યું કે, આ નીતિએ સ્થાનિક ભાષાઓ, ભારતીય જ્ઞાન પરંપરા, ચારિત્ર નિર્માણ અને નૈતિક મૂલ્યોને શિક્ષણના મૂળમાં સ્થાન આપ્યું છે.

અંતમાં, તેમણે સૌ વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

વિદ્યાર્થીઓએ સતત અધ્યયન કરતા રહેવું જોઈએ, તેનાથી જ્ઞાન સમૃદ્ધ બને છે : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, પૂજ્ય બાપુએ ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના માત્ર શિક્ષણ માટે જ નહોતી કરી, પરંતુ રાષ્ટ્રને ગુલામીની માનસિકતામાંથી મુક્ત કરવાનો તેમનો ઉદ્દેશ હતો. તેમણે સત્ય, અહિંસા અને ભારતીય મૂલ્યોને આધારે સ્વતંત્રતાનો માર્ગ દર્શાવ્યો હતો. રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, દીક્ષાંત સમારંભ દરેક સંસ્થાન માટે અત્યંત મહત્વનો પ્રસંગ છે. આજે તમે બધા જે પદવી પ્રાપ્ત કરી છે તે માત્ર તમારા માટે નહિ પરંતુ સમાજ અને રાષ્ટ્ર માટે જવાબદારીનો આરંભ છે.

તેમણે ભારતીય પરંપરામાં ગુરુ દ્વારા શિષ્યને આપવામાં આવતા અંતિમ ઉપદેશનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, સત્યનું આચરણ કરવું, ધર્મ એટલે કે કર્તવ્યનું પાલન કરવું અને સતત અધ્યયન કરતા રહેવું એ જ વિદ્યાર્થીઓનું મુખ્ય ધ્યેય હોવું જોઈએ. સતત અભ્યાસથી જ જ્ઞાન સમૃદ્ધ બને છે.

રાજ્યપાલશ્રીએ વિદ્યાર્થીઓને તેમણે મેળવેલા જ્ઞાનને પોતાના સુધી મર્યાદિત ન રાખવાની સલાહ આપતા કહ્યું કે, જેમ વાદળો સમુદ્રના ખારા પાણીમાંથી સારું પાણી ખેંચી, તેને જરૂરિયાતમંદો માટે વરસાવે છે તેમ તમારે પણ તમારું જ્ઞાન રાષ્ટ્રની સેવા માટે સમર્પિત કરવું જોઈએ.

પૂજ્ય બાપુના સ્વાવલંબન અને સ્વદેશી આધારિત રાષ્ટ્ર નિર્માણના વિચારનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી આત્મનિર્ભર અને વિકસિત ભારતની દિશામાં દેશને આગળ લઈ જઈ રહ્યા છે. જો આપણે સૌ સ્વદેશી અપનાવીને રાષ્ટ્ર માટે સમર્પિત ભાવથી કાર્ય કરીશું તો પૂજ્ય બાપુના સપનાઓનું ભારત બનાવી શકીશું.

રાજ્યપાલશ્રીએ પદવી મેળવનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી અને કહ્યું કે, વિદ્યાર્થીઓ તેમના પરિવાર, સમાજ અને રાષ્ટ્ર માટે જવાબદારીપૂર્વક કાર્ય કરે અને જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા મેળવે.

ગુજરાત વિદ્યાપીઠના ૭૧મા દીક્ષાંત સમારોહમાં પદવીધારક વિદ્યાર્થીઓને સંબોધિત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ જ્યારે અમૃતકાળમાં આઝાદીની શતાબ્દી તરફ ગતિ કરી રહ્યો છે, ત્યારે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત આ સંસ્થામાંથી દીક્ષાંતનો અવસર ગૌરવમય છે.

તેમણે ઉમેર્યું કે, પરમ સન્માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજીના હસ્તે પદવી પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય મળવું એ વિદ્યાર્થીઓ માટે એક ઐતિહાસિક ક્ષણ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિદ્યાપીઠના વારસાને યાદ કરતાં કહ્યું કે, મહાત્મા ગાંધીજીએ ૧૯૨૦માં યુવાશક્તિને સત્ય, અહિંસા અને આત્મનિર્ભર ભારતના શાશ્વત વિચારો સાથે રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરિત કરવા આ વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. આઝાદી માટે બ્રિટિશ સરકાર સામેની અસહકારની ચળવળનો પાયો રહેલી આ વિદ્યાપીઠનો આજનો પદવીદાન સમારોહ, વિકસિત અને આત્મનિર્ભર સ્વદેશી ભારતના સંવાહક યુવાઓના સમાજમાં પદાર્પણનો અવસર બન્યો છે.

દીક્ષાંત સમારોહની પ્રાચીન ભારતીય પરંપરાનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પ્રાચીન કાળમાં ગુરુકુળમાં શિક્ષણ પૂર્ણ થયા બાદ ઋષિકુમારોને સમાજ અને રાષ્ટ્ર માટે શિક્ષણનો ઉપયોગ કરવાનો ઉપદેશ અપાતો હતો. ભગવાન શ્રી રામ, શ્રી કૃષ્ણ અને પાંડવો પણ ગુરુકુળમાં શિક્ષિત-દીક્ષિત થયા હતા.

તેમણે જણાવ્યું કે, આજે એ જ ગુરુકુળ પરંપરાનું સ્થાન આધુનિક વિશ્વવિદ્યાલયોએ લીધું છે અને ગુજરાત વિદ્યાપીઠ મૂલ્યનિષ્ઠ તેમજ સમયાનુકૂલ શિક્ષણ આપતી આગવી સંસ્થા તરીકે ઉભરી આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના વિઝન પર પ્રકાશ પાડતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શ્રી મોદી સાહેબે સુરાજ એટલે કે ગુડ ગવર્નન્સનો મંત્ર આપ્યો છે. તેમણે જાતે હાથમાં ઝાડુ લઈને સ્વચ્છતાને એક જન આંદોલન બનાવ્યું છે. 'ખાદી ફોર નેશન, ખાદી ફોર ફેશન'ના આહ્વાન દ્વારા સ્વદેશીને પ્રોત્સાહન આપ્યું છે, જેના પરિણામે છેલ્લા ૧૧ વર્ષમાં ખાદીના વેચાણમાં ૪૪૭ ટકાનો અભૂતપૂર્વ વધારો થયો છે.

તેમણે ઉમેર્યું કે, વિદ્યાપીઠ એક સદીથી વધુ સમયથી ગાંધીજીના સત્ય, અહિંસા અને શ્રમના મૂલ્યોને જીવંત રાખવામાં સફળ રહી છે. આ જ મૂલ્યોને આગળ વધારતા વડાપ્રધાનશ્રી પણ યુવાનોમાં 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવનાનું સિંચન કરી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઈએ ગરીબ, યુવા, અન્નદાતા કિસાન અને નારી શક્તિ (GYAN)ને વિકસિત ભારતના ચાર મુખ્ય સ્તંભ ગણાવ્યા છે, જેમાં યુવા શક્તિને વિશેષ મહત્વ આપ્યું છે. છેલ્લા એક દશકમાં સ્કીલ, શિક્ષણ અને સ્ટાર્ટઅપ જેવા ઈનિશિયેટિવ દ્વારા યુવાનોને સશક્ત બનાવવામાં આવ્યા છે અને નવી શિક્ષણ નીતિ દ્વારા યુવાઓના ઈનોવેશનને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

પદવીધારક વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, "વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અન્ય કરતાં ખાસ છે કારણ કે તમે શિક્ષણની સાથે સ્વ-અનુશાસન, શ્રમનું ગૌરવ અને સ્વદેશી જેવા મૂલ્યો આત્મસાત કર્યા છે." તેમણે બદલાતા વૈશ્વિક પરિદ્રશ્યમાં આત્મનિર્ભરતા અને સ્વદેશીની વધતી મહત્તા પર ભાર મૂક્યો અને વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલા 'હર ઘર સ્વદેશી-ઘર ઘર સ્વદેશી' અભિયાનના સંવાહક બની સમાજમાં જાગૃતતા લાવવા આહ્વાન કર્યું.

મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના મતે દરેક વસ્તુનો વિકલ્પ હોઈ શકે છે, પરંતુ સ્કીલ, ઈનોવેશન અને મહેનતનો કોઈ વિકલ્પ નથી અને આ ત્રણેય શક્તિઓ દેશના નવયુવાનોમાં રહેલી છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ જ તાકાતથી આપણે 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'નું નિર્માણ કરી શકીશું.

અંતમાં, તેમણે સૌ પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને તેમના ઉજ્જ્વળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. આ અવસરે સ્નાતક થયેલા વિદ્યાર્થીઓએ દીક્ષાંત પ્રતિજ્ઞા લીધી હતી.

કુલપતિ શ્રી હર્ષદ પટેલે સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું કે, ગુજરાત વિદ્યાપીઠે નવી શિક્ષા નીતિને શિક્ષણ અને વ્યવહાર બંનેમાં અપનાવી છે. વિદ્યાપીઠ દ્વારા સમાજમાં સ્વદેશી અને આત્મનિર્ભરતાની ભાવનાને સુદ્રઢ બનાવવા અમલમાં મુકાયેલા વિવિધ પ્રકલ્પો અને પહેલાની તેમણે વાત કરી હતી. વિદ્યાપીઠમાંથી સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ સદભાવ, સેવા અને સ્વાવલંબનના વિચારોને ચરિતાર્થ કરશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો. આ અવસરે ગુજરાત વિદ્યાપીઠના પ્રધ્યાપકો, શિક્ષણવિદ એવા મહાનુભાવો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય રાજ્યમંત્રી અને ભાવનગરના સાંસદ શ્રીમતી નિમુબેન બાંભણીયા પંજાબના પ્રવાસે લુધિયાણામાં પૂરગ્રસ્ત ગામોની મુલાકાત લીધી

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા પંજાબના પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કરવા માટે બે દિવસની સત્તાવાર મુલાકાતે છે. આજે, તેમણે રાહત અને પુનર્વસન કાર્યની સમીક્ષા કરવા માટે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી. તેમણે જિલ્લાના તલવંડી કલાન, બૉંકર ડોગરા, ગોર્સિયન હકમારે, લોપોન અને ગિલ વિસ્તારોની મુલાકાત લીધી. તેમની મુલાકાતના પહેલા દિવસે, માનનીય મંત્રીએ પંજાબના લોક કલ્યાણ માટે આલમગીરની મુલાકાત લીધી. તેમણે ગુરુદ્વારા શ્રી માંજી સાહિબમાં પૂજા કરી.



ઉલ્લેખનીય છે કે મંત્રીએ પૂર રાહત કાર્યની પ્રગતિની સમીક્ષા કરી અને ઘરો, ખેતરો અને પશુધનની સલામતી અંગે માહિતી પૂરી પાડી. તેમણે નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે જરૂરી સૂચનાઓ આપી. તેમણે જિલ્લા વહીવટીતંત્રને તેમનું સારું કાર્ય ચાલુ રાખવા અને પૂરગ્રસ્ત લોકોને મદદ કરવા પ્રોત્સાહિત કર્યા. તેમણે પરિવારોને વળતરનું સમયસર વિતરણ સુનિશ્ચિત કરવા માટે દરેક શક્ય પ્રયાસ કરવા અપીલ કરી.

આ ઉપરાંત, માનનીય મંત્રીએ અસરગ્રસ્ત પરિવારો, ખેડૂતો, મહિલાઓ સાથે મુલાકાત કરી. તેમણે તેમની સમસ્યાઓ સાંભળી અને તેમને રાહત પગલાં ચાલુ રાખવાની ખાતરી આપી.

મંત્રીએ સ્થાનિક પંચાયત સભ્યો અને અન્ય અધિકારીઓ સહિત જિલ્લા અધિકારીઓ સાથે વાતચીત કરીને ચાલુ પુનર્વસન કાર્યની પણ સમીક્ષા કરી. તેમણે જરૂરિયાતમંદ પરિવારોને રાશનનું વિતરણ પણ કર્યું.

અસરગ્રસ્ત ખેડૂતો અને પરિવારો સાથે વાતચીત કરતી વખતે, તેમણે તેમને જણાવ્યું કે માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સ્વયં પંજાબની મુલાકાતે આવ્યા હતા. ૯ સપ્ટેમ્બરના રોજ, તેમણે આપત્તિનું મૂલ્યાંકન કરવા માટે પંજાબનું હવાઈ સર્વેક્ષણ કર્યું અને અસરગ્રસ્ત લોકો માટે રૂા.૧,૬૦૦ કરોડ જાહેર કર્યા. તેમણે કેન્દ્રીય મંત્રીઓને પંજાબના લોકોની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા પણ નિર્દેશ આપ્યો છે.

કેન્દ્ર સરકાર પંજાબના દરેક પરિવાર સાથે ઊભી છે.શક્ય તેટલી ઝડપથી અસરગ્રસ્ત પરિવારો સુધી તમામ શક્ય સહાય પહોંચે. કેન્દ્ર સરકાર દરેક પગલા પર અસરગ્રસ્ત પરિવારો સાથે ઉભી છે. મોદીના નેતૃત્વમાં, કેન્દ્ર સરકાર આ સંકટની ઘડીમાં પંજાબના લોકોની સાથે ઉભી છે અને પુનર્વસન અને પુનર્નિર્માણ કાર્યને ઝડપી બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

## મોદી સરકાર દરેક કદમ ઉપર પંજાબના દરેક અસરગ્રસ્ત પરિવાર સાથે ઉભી છેઃ નિમુબેન બાંભણિયા

માનનીય ગૃહમંત્રી અમિત શાહે પંજાબની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. ગૃહમંત્રીના નિર્દેશો હેઠળ, કેન્દ્રીય ટીમે પંજાબમાં સર્વેક્ષણ કાર્ય પૂર્ણ કર્યું છે. કૃષિમંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે પંજાબના ખેડૂતોને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ પ્રદાન કરી છે. ભંડોળનો ૨૧મો હપ્તો જારી કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે પંજાબના આશરે ૧૧ લાખ ખેડૂતોના ખાતામાં ભંડોળ ટ્રાન્સફર કર્યું છે, જેનાથી તેમને તાત્કાલિક રાહત મળી છે. ખાદ્ય વિભાગ સાથે પણ પરિસ્થિતિની સમીક્ષા કરી છે અને લોકોને પૂરતું રાશન મળે તે સુનિશ્ચિત કરવાની વ્યવસ્થા કરી છે.

તેમણે કહ્યું કે પંજાબની ભૂમિ હંમેશા શૌર્યનું પ્રતીક રહી છે. સંકટના આ સમયમાં, સ્વૈચ્છિક સંસ્થાઓ અને વ્યક્તિઓએ સાથે મળીને કામ કર્યું છે. મંત્રીએ આશા વ્યક્ત કરી કે ટૂંક સમયમાં પંજાબની આ પવિત્ર ભૂમિ ફરી એકવાર હરિયાળીથી ભરાઈ જશે અને દરેક વ્યક્તિ સામાન્ય જીવનમાં પાછા ફરશે.

આ મુલાકાત દરમિયાન માનનીય મંત્રી સાથે જિલ્લા વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય મહાનુભાવો હતા. ત્યારબાદ મંત્રીશ્રીએ લોપોનમાં દરબાર સંપ્રદાયની મુલાકાત લીધી.ઉલ્લેખનીય છે કે મંત્રીશ્રી આવતીકાલે પૂરગ્રસ્ત ગામો સસરાલી કોલોની, રૂડ બાન અને બૂથગઢની મુલાકાત લેશે.

# "સ્વચ્છતા પખવાડિયું – ૨૦૨૫" અંતર્ગત "સ્વચ્છ નીર" અભિયાનનું આયોજન

"સ્વચ્છતા પખવાડિયું – ૨૦૨૫" અંતર્ગત પશ્ચિમ રેલવે, ભાવનગર મંડળ ખાતે તા. ૧૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ "સ્વચ્છ નીર" વિષય પર વિવિધ સ્વચ્છતા પ્રવૃત્તિઓનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ તથા વરિષ્ઠ મંડળ યાંત્રિક ઈજનેર શ્રી એસ. કે. મિશ્રાના નેતૃત્વમાં યોજાયું હતું.



આ અવસરે મંડળના વિવિધ સ્ટેશનો અને કચેરીઓમાં પીવાના પાણીના નળ વિસ્તારમાં સફાઈ તથા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ભાવનગર, જેતલસર, જૂનાગઢ, વેરાવળ, બોટાદ અને પોરબંદર સ્ટેશનો પર હેલ્થ ઈન્સ્પેક્ટર તથા સ્ટેશન સ્ટાફની ટીમોએ પીવાના પાણીના વિસ્તારોની સફાઈ કરી, પાઈપલાઈન અને પાણીના સંગ્રહ ટાંકા તપાસ્યા હતા.

કોચ વોટર ફિલિંગ પોઈન્ટ્સ પર કર્મચારીઓને હાઈડ્રેન્ટ પાઈપના યોગ્ય જતન માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તે ઉપરાંત વિવિધ સ્ટેશનો અને કચેરીઓમાંથી પાણીના નમૂનાઓ લઈને તેની ગુણવત્તાની તપાસ કરવામાં આવી હતી. આ અભિયાન હેઠળ કુલ ૧૦ સ્થળોએ પ્રવૃત્તિઓ યોજાઈ, જેમાં આશરે ૪૦ કર્મચારીઓએ સક્રિય ભાગ લીધો હતો.

"સ્વચ્છ નીર" અભિયાનનો હેતુ રેલવે પરિસરોમાં સ્વચ્છ, સુરક્ષિત અને પીવાના યોગ્ય પાણીની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાનો છે.

અભિયાનથી મુસાફરોને મળેલા લાભઃ

★ મુસાફરોને સ્વચ્છ અને સુરક્ષિત પીવાનું પાણી ઉપલબ્ધ થયું.

★ સ્ટેશન પરિસરોમાં સ્વચ્છતા સ્તર વધતાં સમગ્ર વાતાવરણ વધુ સ્વચ્છ બન્યું.

★ પાણીની ગુણવત્તાની નિયમિત તપાસથી મુસાફરોનો રેલવે સેવાઓ પર વિશ્વાસ વધ્યો.

★ યોગ્ય જતનથી પાણીની પુરવઠામાં સતતતા અને પૂરતું દબાણ જળવાયું.

★ સ્વચ્છ પાણીથી જલજન્ય રોગોના જોખમમાં ઘટાડો થવાથી મુસાફરી વધુ સુરક્ષિત અને આરામદાયક બની.

"સ્વચ્છતા પખવાડિયું – ૨૦૨૫" અંતર્ગત ભાવનગર મંડળ દ્વારા આ પ્રકારની પ્રવૃત્તિઓ મારફતે સ્વચ્છતાપ્રત્યે જાગૃતિ વધારવાની તેમજ મુસાફરોને સુરક્ષિત, સ્વચ્છ અને સ્વસ્થ પર્યાવરણ પ્રદાન કરવાની દિશામાં સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

# સીંગાપોરને ટકકર આપવા બનાયેલી ગુજરાતની ગીફટ સીટીમાં કોઈ ઘર લેવા તૈયાર નથીઃ નોકરી છોડી રહ્યા છે લોકો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગાંધીનગરમાં સાબરમતી નદીના કિનારે સ્થિત ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટી (ગીફટ સીટી) સીંગાપોર અને દુબઈ જેવા વૈશ્વિક નાણાંકીય કેન્દ્રોને ટકકર આપવાની યોજના સાથે બનાવવામાં આવી હતી. ગગનચુંબી ઈમારતોનુ આ શહેર મોટી અપેક્ષાઓ અને આર્થિક સંભાવનાઓ સાથે બનાવવામાં આવ્યુ હતુ પરંતુ હાલ વાસ્તવિકતા અલગ છે. જે ભવ્યતા અને ધમાલ સાથે તે ચમકવુ જોઈતુ હતુ તેને બદલે રોનક જ ગાયબ થઈ ગઈ છે.

ગીફટ સીટીના ભવ્ય ટાવર અને પહોળા રસ્તાઓ હજુ પણ ખાલી દેખાય છે. સૌથી મોટી ચિંતા એ છે કે વોક ટુ વર્ક ના સ્વપ્ન સાથે બાંધવામાં આવેલી શહેરની રહેણાંક ઈમારતો ઘરો ખરીદવા તૈયાર નથી. લોકો કામ માટે આવે છે પણ રોકાતા નથી. ભારતના સ્વપ્ન પ્રોજેકટને તેની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોચતા શું રોકી રહ્યુ છે ? કારણો ફકત કર પ્રોત્સાહનો પુરતા મર્યાદીત નથી. પરંતુ તે મુળભુત કાર્યબળ અને જીવનશૈલીના પડકારો સામે ઝઝુમી રહ્યુ છે.

ગીફટ સીટીમાં ખાલી મકાનોની સંખ્યા ચિંતાજનક છે. જે રહેણાંક વિકાસને મર્યાદીત કરે છે તાજેતરના રીયલ એસ્ટેટ અહેવાલો અનુસાર જુલાઈ ૨૦૨૫ સુધીમાં ગીફટ સીટીમાં કુલ રહેણાંક પુરવઠો ૩,૧૬૮ યુનીટ હતો જેમાંથી આશરે ૨૧૦૦ યુનીટ વેચાયા વિના રહ્યા. ઘરો ન વેચાવવાનુ મુખ્ય કારણ છે ગીફટ સીટીમાં ડેવલપર્સ સીધી જમીન ખરીદતા નથી, પરંતુ




ડેવલપમેન્ટ રાઈટ્સ માટે બોલી લગાવે છે, ભવિષ્યની માંગની અપેક્ષા રાખીને ડેવલપર્સે એટલી આક્રમક બોલી લગાવી છે કે રહેણાંક જમીનની કિંમત લગભગ બમણી થઈ ગઈ છે. જમીનની ઉંચી કિંમત ખરીદદારોને સીધી અસર કરે છે, જેના કારણે અમદાવાદ અને આજુબાજુના વિસ્તારો કરતા એપાર્ટમેન્ટના ભાવ ઘણા વધારે છે. જેના કારણે શરેરાશ કામ કરતા વ્યકિત માટે તે પરવડે તેવુ મુશ્કેલ બને છે. પીડબલ્યુસી ઈન્ડીયાના તાજેતરના અભ્યાસ મુજબ ગીફટ સીટીના વિકાસને અવરોધતા મુખ્ય પડકારો છે. જેમાં (૧) અહીંના કર્મચારીઓ ઝડપથી નોકરી છોડી દે છે એટલે કે નોકરીનો ટર્નઓવર રેટ ઉંચો છે, કર્મચારીઓ સારા પગાર અને જીવનશૈલી માટે મુંબઈ, બેંગલોર અથવા દિલ્હી જેવા સ્થાપિત મહાનગરોમાં જવાનુ પસંદ કરે છે (૨) અહીંના કામદારોને અન્ય મોટા શહેરોની સરખામણીમાં ઓછો પગાર મળે છે (૩) આંતરરાષ્ટ્રીય નાણાંકીય કેન્દ્રમાં જે સામાજિક અને મનોરંજન સુવિધાઓ (જેમ કે પ્રિમિયમ રેસ્ટોરન્ટ, મોલ, સિનેમા અને સક્રિય નાઈટ લાઈફ) હોવી જોઈએ તે ગીફટ સીટીમાં અભાવ છે, કર્મચારીઓને હજુ પણ સારી જીવન શૈલી માટે અમદાવાદ આવવુ પડે છે. (૪) પરીણામે ગીફટ સીટીમાં કામ કરતા ઘણા લોકો અમદાવાદમાં રહેવાનુ અને દરરોજ લાંબા અંતરની મુસાફરી કરવાનુ પસંદ કરે છે આના કારણે ગીફટ સીટી રાત્રે ખાલી પડી જાય છે જેના કારણે મકાનોની માંગ ખરીદી સુધી નહી અહીંના મકાનો માત્ર ભાડા સુધી મર્યાદીત રહી ગયા છે. (૫) ગીફટ સીટીનો વિચાર લગભગ બે દાયકા અગાઉ ૨૦૦૭ માં જયારે નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે જન્મ્યો હતો. આજે ગુગલી, આઈબીએમ અને એસબીઆઈ જેવી મોટી કંપનીઓએ અહીં તેમની વૈશ્વિક ઓફીસો ખોલી છે અને તે પહેલાથી જ ૩૦ હજાર લોકોને રોજગારી આપી ચુકી છે. તે એક સંપૂર્ણ શહેરની જેમ ઝોનવાર ડીઝાઈન કરવામાં આવ્યુ છે.

# કચ્છ જિલ્લાના ચિત્રોડમાંથી નકલી કોલગેટ કૌભાંડ : રૂ.૯.૪૩ લાખનો નકલી કોલગેટનો માલ કરાયો જપ્ત

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કચ્છ જિલ્લામાં કોલગેટ કૌભાંડ બહાર આવ્યુ છે જે ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે જોખમી છે. ચિત્રોડમાં નકલી ટુથપેસ્ટ બનાવતી એક ફેકટરીનો પર્દાફાશ થયો છે. ગાગોદર પોલીસ સ્ટેશનની એક ટીમે ફેકટરી પર દરોડો પાડયો હતો અને ગેરકાયદેસર પ્રવૃત્તિનો પર્દાફાશ કર્યો છે. પોલીસ તપાસમાં બહાર આવ્યુ છે કે ફેકટરી લોકપ્રિય બ્રાન્ડ કોલગેટના નામ હેઠળ નકલી ટુથપેસ્ટ બનાવતી હતી.



આરોપીઓ હલકી ગુણવત્તાવાળા અને હલકી ગુણવત્તાવાળા ઘટકોનો ઉપયોગ કરીને ટુથપેસ્ટ બનાવતા હતા અને પછી તેને અસલી કોલગેટ તરીકે વેચીને ગ્રાહકોને છેતરતા હતા. પોલીસે ઘટનાસ્થળે થી અંદાજે રૂપીયા ૯. ૪૩ લાખનો માલ જપ્ત કર્યો છે. જેમાં નકલી ટુથપેસ્ટ, પેકેજીંગ સામગ્રી અને ઉત્પાદનના સાધનોનો સમાવેશ થાય છે.


પોલીસે આ કેસમાં ૪ વ્યકિતઓ વિરૂધ્ધ ફરીયાદ દાખલ કરી છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

આરોપીઓ પર છેતરપીંડી અને કોપીરાઈટ ઉલ્લંઘન સહિતની વિવિધ કલમો હેઠળ આરોપ મુકવામાં આવ્યો છે પરંતુ ગ્રાહકોના સ્વાસ્થ્યને ગંભીર નુકશાન પહોચાડવા બદલ પણ આરોપ મુકવામાં આવ્યો છે. આવા નકલી ઉત્પાદનો બનાવવાથી ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે ખતરો છે. પોલીસે આ રેકેટના મુળ સુધી પહોચવા અને રાજયના અન્ય વિસ્તારોમાં આ નકલી ટુથપેસ્ટ કેટલી માત્રામાં સપ્લાય કરવામાં આવી રહી હતી તે શોધવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# ભાજપે કોંગ્રેસની ભુલ દોહરાવી : ખેડુતો ૨૦૨૭ માં સત્તા પરીવર્તન લાવશે તે દિવસો હવે દુર નથી : ઈસુદાન ગઢવીની ચેતવણી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાં ફરી એકવાર ખેડુતોના મુદ્દે ગરમાવો આવ્યો છે. આમ આદમી પાર્ટીના નેતા ઈસુદાન ગઢવીએ બોટાદ ખાતે કિસાન મહાપંચાયતનુ એલાન આપ્યુ છે. આજે રવિવારે સાંજે ૫ કલાકે બોટાદમાં ખેડુતોના સ્વાભિમાન માટે આ કિસાન મહાપંચાયતનુ આયોજન કરવામાં આવ્યુ છે. ઈસુદાન ગઢવીએ સમગ્ર ગુજરાતના ખેડુતોને આ મહાપંચાયતમાં મોટી સંખ્યામાં ઉમટી પડવા આહવાન કર્યુ છે. તેમણે કહ્યુ કે ખેડુતો સ્થાનિક સ્વરાજ અને ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીમાં ભાજપના સુપડા સાફ કરશે. બોટાદ માર્કેટયાર્ડમાં ગઈ કાલે મોડી રાત્રે થયેલી ખેડુત નેતા રાજુ કરપડાની ધરપકડને ઈસુદાન ગઢવીએ ભાજપનુ તાનાશાહીભર્યુ પગલુ ગણાવ્યુ છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે મોડી રાત્રે પોલીસે માર્કેટયાર્ડમાં પહોચીને રાજુ કરપડાની ધરપકડ કરી અને તેમને અજ્ઞાત સ્થળે લઈ ગયા હતા. ગઢવીએ ભાજપના નેતાઓ પર હજારો કરોડના કડદા કૌભાંડ કર્યા હોવાનુ ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે કપાસ સહિત તમામ પાકની ખરીદીમાં ભાજપના નેતાઓ તમામ માર્કેટયાર્ડમાં કૌભાંડકર્તા હોવાનુ જણાવ્યુ હતું. તેમણે સવાલ કર્યો હતો કે ખેડુતોના નકકી કરેલા ભાવમાં ઘટાડો કરવામાં આવે તો ખેડુતો કયાં જાય ? માંગણીઓ ન સ્વીકારવા પાછળ તેમને કમલમમાંથી ફોન આવ્યો હશે તેવી શકયતા વ્યકત કરી હતી. ખેડુતોને કિસાન મહાપંચાયતમાં આવતા રોકવા માટે પોલીસે ખેડુતોને હજારોના મેમો ફટકાર્યા હોવાનો પણ ગઢવીએ આક્ષેપ કર્યો હતો. તેમણે ડીજીપી પર આકરા પ્રહાર કરતા કહ્યુ હતુ કે ડીજીપી પગાર જનતાનો લે છે અને દલાલી ભાજપની કરે છે, ઈસુદાન ગઢવીએ સ્પષ્ટ કહ્યુ હતુ કે બોટાદ માર્કેટયાર્ડમાં અમારી લડાઈનો અંત નથી થયો, આ તો શરૂઆત છે તેમણે એલાન કર્યુ કે હવે ફકત બોટાદ નહી સમગ્ર ગુજરાતના તમામ માર્કેટયાર્ડોમાં આ મુદ્દો ઉઠાવવામાં આવશે. આમ આદમી પાર્ટીની ખેડુતલક્ષી પ્રતિબધ્ધતા વ્યકત કરતા ગઢવીએ કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટીનો એક એક કાર્યકર્તા ખેડુતો માટે ગોળી ખાવા તૈયાર છે.



તેમણે ભુતકાળને યાદ કરીને જણાવ્યુ હતુ કે ૩૦ વરસ પહેલા કોંગ્રેસની ૧૪૯ સીટો આવી હતી અને તેમણે ખેડુતો પર ગોળીબાર કર્યો હતો. ત્યારથી ખેડુતોએ કોંગ્રેસને મત આપ્યા નથી, તેમણે ચેતવણી આપી કે ભાજપ કોંગ્રેસની જ ભુલ રીપીટ કરી રહ્યુ છે.

# મહેસાણા જિલ્લાના વિજાપુરમાં કોંગ્રેસ દ્વારા વોટ ચોર ગાદી છોડો ના નારા સાથે સહી ઝુંબેશ : ભાજપ અને ચુંટણીપંચ પર કર્યા ગંભીર આક્ષેપ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. કારણ કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા સત્તાધારી પક્ષ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) અને ચુંટણીપંચ પર ગંભીર આક્ષેપો સાથે એક આક્રમક સહી ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વોટ ચોર ગાદી છોડો ના પ્રચંડ સુત્રોચ્ચાર સાથે કોંગ્રેસના કાર્યકરો તાલુકાના શહેરી અને ગ્રામ્ય વિસ્તાર બીલીયા, ગુછળી, તાતોસણ, ઉબખલ, કુકરવાડા સહિત ગામોમાં ફરીને જનસમર્થન એકત્રિત કરી રહ્યા છે. આ ઝુંબેશ હેઠળ કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ગામડે ગામડે ફરીને કેન્દ્રની ભાજપ સરકાર પર ચુંટણી પ્રક્રિયામાં ગેરરીતી આચરવાનો અને લોકશાહીનુ હનન કરવાનો આરોપ લગાવી રહ્યા છે. તેઓનુ કહેવુ છે કે ચુંટણીપંચ પણ નિષ્પક્ષ રીતે કામગીરી કરવામાં નિષ્ફળ રહ્યુ છે અને સત્તાધારી ભાજપ પક્ષના દબાણ હેઠળ કામ કરી રહ્યુ છે. આ વિરોધ પ્રદર્શનના ભાગરૂપે લોકો પાસેથી સહીઓ લેવામાં આવી રહી છે.જે બાદમાં ચુંટણીપંચને મોકલીને રજુઆત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં કોંગ્રેસના સ્થાનિક અગ્રણીઓ તાલુકા કોંગ્રેસ પ્રમુખ એલ એસ રાઠોડ, અમિતજી ઠાકોર, અશોકસિંહ વિહોલ અને ડી ડી રાઠોડ, ભલાભાઈ પટેલ સહિતના વરીષ્ઠ આગેવાનો અને કાર્યકર્તાઓ આ સહી ઝુંબેશનુ નેતૃત્વ કરી રહ્યા છે. કોંગ્રેસના સુત્રોએ જણાવ્યુ હતુ કે ભાજપ સરકાર જનતાનો વિશ્વાસ ગુમાવી ચુકી છે અને સત્તા પર ટકી




રહેવા માટે અયોગ્ય માર્ગો અપનાવી રહી છે. અમારો આ સંઘર્ષ લોકશાહીને બચાવવા માટેનો છે અને જયાં સુધી અમને ન્યાય નહી મળે ત્યાં સુધી અમે વિરોધ ચાલુ રાખીશુ, આ સહી ઝુંબેશને કારણે તાલુકાના રાજકીય માહોલમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે અને આવનારા દિવસોમાં આ મુદો વધુ ઉગ્ર બને તેવી સંભાવના છે.

# સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર આરટીઓ ચોકડી નજીક બે માસની નિર્દોષ બાળકીનુ અપહરણ: સીસીટીવી કુટેજની મદદથી તાત્કાલીક પોલીસ દ્વારા એક પુરુષ અને મહિલાને ઝડપી લેવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરના આરટીઓ સર્કલ નજીક બે માસની નિર્દોષ બાળકીને ઉઠાવી જવાનો ચોંકાવનારો બનાવ બનતા ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી મુજબ એક બાઈક પર સવાર કપલે આરટીઓ સર્કલ નજીકથી બે માસની બાળકી ઉઠાવી જવાના બનાવે ચકચાર મચાવી મુકી છે. આ બનાવની જાણ થતા જ સાબરકાંઠા જિલ્લા પોલીસવડા પાર્થરાજસિંહ ગોહિલે બાળકીને સલામત રીતે પરત મેળવવા માટે અલગ અલગ ટીમો રચી તપાસનો દોર શરૂ કર્યો હતો. પોલીસની ટીમોએ વિસ્તારના સીસીટીવી કુટેજની મદદથી ગણતરીના કલાકોમાં કામગીરી કરી અને બાળકીને સલામત રીતે પરત મેળવવામાં સફળતા મેળવી હતી. સાથે જ બાળકી ઉઠાવી જનાર બાઈક સવાર કપલને પણ પોલીસે ઝડપી જેલ હવાલે કર્યા છે. ઝડપાયેલો પુરુષ અને મહિલા બંને હિંમતનગરના હોવાનુ બહાર આવ્યુ છે. હાલ બંને આરોપીઓની પોલીસ દ્વારા પુછપરછ ચાલી રહી છે. જેથી બાળકીને ઉઠાવી જવા પાછળના કારણો અને ઈરાદા વિશે વધુ માહિતી બહાર આવી શકે તેમ છે. જિલ્લા પોલીસવડાની કામગીરી જોઈ પોલીસની ટીમોએ સંકલીત પ્રયત્નોને કારણે બાળકીને કોઈ નુકશાન વિના હેમખેમ સુરક્ષિત રીતે પરીવારજનોને સોંપવામાં આવી છે. જેના કારણે આરટીઓ ચોકડી વિસ્તારના રહીશોમાં રાહતનો માહોલ જોવા મળ્યો છે. આ સમગ્ર ઘટનાએ ફરી એકવાર બતાવ્યુ છે કે ગુન્હાહીત પ્રવૃત્તિઓ સામે હિંમતનગરનુ પોલીસતંત્ર કેટલી સતર્ક અને સંવેદનશીલ છે તે આ બનાવ ઉપરથી જાણવા મળી રહ્યુ છે.



# સુરત પ્રવાસમાં શું જગદીશ પંચાલ સીઆર પાટીલના નિવાસ સ્થાને મહેમાન ગતિ માણશે કે સામાન્ય કાર્યકરના ઘરે જશે ?

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપ એની મુળ વિચારધારા મુજબ જમીનથી જોડાયેલા કાર્યકર્તાઓથી બનેલો પક્ષ હતો અને આજે સમય પ્રમાણે મુળ વિચારધારાથી વિચલીત થયેલા સંજોગોમાંથી પસાર થઈ રહેલો જણાય છે જે કડવુ સત્ય છે,

ભાજપની પ્રયોગશાળા એટલે ગુજરાત ભાજપ અને ગુજરાત ભાજપના કાર્યકર્તાઓની લગન નિષ્ઠા કામે લાગી ત્યારે ભાજપને ભારતભરમાં સ્વિકૃતી મળી હવે આ ગુજરાતના પાયાના કાર્યકર્તાઓ અને નવા અપરીપકવ કે પાછી બિન અનુભવી કાર્યકર્તાઓ વચ્ચે સંતુલન હાલ ડખળ વખળ ચાલી રહ્યુ છે. ભાજપમાં સત્તા આવ્યા પછી કાર્યકર્તાઓ આંદોલનો અને વિરોધ પક્ષની ઘડતરની પ્રક્રિયામાંથી પસાર



થયા નથી એટલે નવા કાર્યકર્તાઓએ માત્ર સત્તા ભોગવી છે. જેમને સત્તા લાવી અને ટકાવી રાખવીની અવડત છે જ નહી, ભાજપના કાર્યકર્તાઓને પક્ષની મર્યાદા, વ્યકિતત્વ નિર્માણ અને સમાજ સેવાના ગુણ સંગઠનનુ શિષસ્થ નેતૃત્વ શીખવાડે છે. હવે વાત ગુજરાત ભાજપ પ્રમુખની તો એમની જવાબદારી પક્ષમાં વાલી જેવી કહેવાય, જેઓ કાર્યકર્તાને પ્રેમથી વાળે, ઠપકારે અને હુંફનો ખભો પણ જરૂર પડે આપે, હવે વાત કરીએ ભાજપના પૂર્વ અધ્યક્ષ જીતુ વાઘાણી અને સી આર પાટીલની તો શું એમનામાં કાર્યકર્તાઓને સાચવવા, ઘડતર આપવુ, હુંફ આપી કાળજી લેવા એવા કોઈ ગુણ જણાયા ખરા ? કાવા દાવા , ધાક ધમકી દબાણની રાજનીતીનુ વાતાવરણ રહ્યુ, આ પૂર્વ અધ્યક્ષોના સમયમાં સત્તા અને સંપદાના જોર સાથે આ પૂર્વ અધ્યક્ષોએ ગુજરાતમાં વહિવટ કરે રાખ્યો અને પ્રધાનમંત્રી મોદી ના નામે વોટ મેળવ્યા અને કંઈક ડખો થાય તો ગૃહમંત્રી અમિત શાહની મધ્યસ્થિ થી ઉકેલ આવતો રહ્યો.

ભાજપના કાર્યકર્તાની લાગણીઓ ધુળ ધાણી થઈ અને આઈએસઓ સ્ટાન્ડર્ડની ઓફીસો અને જાહો જલાલીમાં નેતાઓ રચ્યા પચ્યા રહ્યા.

ગુજરાત ભાજપના સંગઠનને વર્ષ ૨૦૨૫ માં નવા પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલ મળ્યા છે. કે જેઓ ભાજપના ખુબ પાયાના અને સંગઠનમાં ઘડતર પામેલ કાર્યકર છે. ગુજરાત ભાજપના અદના નેતાઓ અને પાયાના કાર્યકર્તાઓમાં જગદીશ પંચાલ પાસે ખુબ આશા સાથે અપેક્ષા છે કે તેઓ ગુજરાતના કાર્યકર્તાઓ માટે પરીવારના વડીલની જેમ માર્ગદર્શક આપશે.

જગદીશભાઈની કસોટી ત્યાં છે કે પૂર્વ અધ્યક્ષની કામગીરીમાં રહી ગયેલી ઉણપો અને ભુલો કઈ રીતે સુધારવી, કોર્પોરેટ કલ્ચર જેવી ઝાક ઝમાળ અને પધ્ધતિથી દુર રહી ફરીથી કાર્યકર્તાને ગુજરાતના મતદારો વચ્ચે લઈ જવા સાથે સરકાર અને સંગઠનનો તાલ મેલ મેળવવો આ માટે એમને પેજ પ્રમુખ વ્યવસ્થાથી શરૂ કરી શિર્ષસ્થ કાર્યકર્તાઓની લાગણીઓ સમજવી જોઈશે અને એ માટે તેઓએ કાર્યકર્તાઓ માટે સરળતાથી ઉપલબ્ધ બનવુ પડશે અને નાના મોટા કાર્યકર્તાઓને સંભાળવા સમજવા પડશે અને એમની લાગણીઓને સાચવવી પડશે.

# ગુજરાતની શાળાઓમાં કલાર્કની જગ્યાઓ ખાલી : શિક્ષકો અને પ્રિન્સિપાલે કલાર્ક ની ફરજ બજાવવી પડે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજયની સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં હાલમાં કલાર્કની જગ્યાઓની ભારે અછતને કારણે વહિવટી સંકટ ઉભુ થયુ છે. ચોંકાવનારી મળેલી માહિતી મુજબ રાજયમાં ૨૦૦ વિદ્યાર્થીઓ દીઠ એકપણ કલાર્ક ની નિમણુંક થયેલી નથી.

શાળાઓમાં શિક્ષકોની જગ્યાઓ ખાલી હોવાની ફરીયાદો તો છે જ, પરંતુ તેમની સાથે વહિવટી કરોડરજજુ ગણાતી કલાર્ક ની જગ્યાઓ પણ મોટા પ્રમાણમાં ખાલી પડી છે.

આ સમસ્યાનુ મુળ કારણ એ છે કે છેલ્લા ૧૫ વરસથી રાજયમાં કલાર્કની ભરતી જ કરવામાં આવી નથી. જેને કારણે શાળાઓનો દૈનિક વહિવટી ભાર વધી ગયો છે અને શિક્ષણકાર્ય પર તેની નકારાત્મક અસર પડી રહી છે, કલાર્ક ન હોવાને કારણે શાળાના સંચાલનને ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ઘણી શાળાઓમાં તો પરીસ્થિતિ એટલી ગંભીર છે કે શાળાના



પ્રિન્સિપાલને જ કલાર્કની ફરજ નિભાવવી પડે છે. પરીણામે વહિવટી કાર્યમાં તેમનો કિંમતી સમય વેડફાઈ જાય છે અને તેઓ શાળાના વિકાસલક્ષી કાર્યો તેમજ શૈક્ષણિક ગુણવત્તા પર પુરતુ ધ્યાન આપી શકતા નથી.

શિક્ષકોએ પણ વહિવટી કામગીરીમાં મદદ કરવી પડતી હોવાથી તેમનો ભણાવવાનો સમય ઓછો થાય છે આ બાબત રાજયના શિક્ષણ માળખામાં ચિંતાનો વિષય છે.

રાજયભરના શાળા સંચાલક મંડળે હવે આ મામલે સરકારને સખત શબ્દોમાં રજુઆત કરી છે. મંડળની મુખ્ય માંગણી છે કે શાળાઓનુ વહિવટીકાર્ય સુગમ રીતે ચાલી શકે તે માટે બીજુ સત્ર શરૂ થાય તે પહેલા કલાર્કની ભરતીની પ્રક્રિયા તાત્કાલીક શરૂ કરવામાં આવે, શાળા સંચાલક મંડળે ચેતવણી આપી છે કે જો તેમની આ મહત્વપૂર્ણ માંગણીને ધ્યાનમાં લેવામાં નહી આવે અને ભરતી નહી કરવામાં આવે તો તેઓ વિદ્યાર્થીઓના હિતમાં ગુજરાત હાઈકોર્ટમાં કાયદાકીય લડત માટે જશે. આ પગલુ સરકાર પર વહિવટીપદો ઝડપથી ભરવા માટે દબાણ લાવશે.

# પાટીલ તો ભાજપના ઘરમાં ઝઘડા કરાવી ગયા હવે પંચાલ માટે અનેક પડકાર: ભાજપમાં અસંતોષની આગ ભભુકી રહી છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ભાજપમાં પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના સમયે ભાજપના ઘરમાં જુથબંધી જેવા ઝઘડાઓ ચરમસીમાએ પહોચી ગયા છે. ત્યારે આ ઝઘડાઓના પડકારને પંચાલ માટે મોટો પડકાર કહેવામાં આવી રહ્યો છે. ભાજપમાં પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલ બદલતાની સાથે જ હવે ગુજરાતમાં ભાજપના નેતાઓમાં અંદરો અંદર વિખવાદ સપાટી પર આવી રહ્યો છે અને પાટણ જિલ્લાના સિધ્ધપુરમાં નવનિયુકત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો કાર્યક્રમ શરૂ થાય તે અગાઉ કાર્યક્રમ સ્થળે ભાજપના કાર્યકર દિપસિંહ ઠાકોર અને જિલ્લા ભાજપના આગેવાન શંભુ દેસાઈ સાથે વચ્ચે જામી પડતા ભારે હંગામો મચી ગયો હતો. આ મામલો ગરમાતા ભાજપના અન્ય આગેવાનો સહિત પોલીસે વચ્ચે પડી મામલો થાડે પાડયો હતો.

ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુકત પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ગઈ કાલ તા. ૧૦ મી થી રાજયવ્યાપી પ્રવાસનો આરંભ કર્યો છે. જગદીશ વિશ્વકર્મા તા. ૧૦ થી ૧૭ તારીખ સુધી રાજયના વિવિધ વિસ્તારોની મુલાકાત લેવાના છે પણ જગદીશ વિશ્વકર્માની વરણી થયા બાદ ભાજપમાં જુથવાદની ઘટનાઓ બહાર આવી રહી છે અને આવી ઉપરા ઉપરી એક નહી પણ ૩ ઘટનાઓ બનવા પામી છે. જેનો વિડીયો પણ વાયરલ થઈ રહ્યો છે. જે ગુજરાત ભાજપમાં અસંતોષ અને જુથવાદની ગવાહી પુરી રહ્યા છે અને ઢોલ વગાડી વગાડી ને જાણે કહી રહ્યા છે કે આ તો હજુ શરૂઆત છે. ત્યારે જગદીશભાઈ માટે કપરા ચડાણ સાબિત થવાના હોય તેવુ લાગી રહ્યુ છે. કારણ કે અગાઉ પાર્ટીમાં શિસ્તનુ નામ આગળ કરી જે રીતે જાહેરમાં બબાલ થાય જ નહી અને પાર્ટીની ઈમેજ ડેમેજ ન થાય કંટ્રોલ હતો તેવો માહોલ હવે રહ્યો નથી.



ઉલ્લેખનીય છે કે સુરતમાં ભાજપના બે નેતાઓ દિનેશ સાવલીયા અને શૈલેષ જરીવાલા ભાજપ કાર્યાલયમાં જ બાખડયા હતા. જે મારા મારી અને ગાળા ગાળીનો વિડીયો હાલ સોશીયલ મીડીયામાં ખુબ જ વાયરલ થઈ રહ્યો છે અને તે પૈકીના એક નેતા દ્વારા તો હવે પોલીસ ફરીયાદ પણ દાખલ થતા આ મામલો હજુ ચર્ચામાં છે. ત્યાંજ રાજકોટના મેયર અને ધારાસભ્ય વચ્ચે પણ થયેલી માથાકુટનો વિડીયો વાયરલ થઈ રહ્યો છે. અહીં મેયર નયના પેઢડીયા અને ધારાસભ્ય દર્શિતા શાહ વચ્ચે દિવાળી કાર્નીવલની આમંત્રણ પત્રિકામાં નામ ન લખવા મામલે આ બબાલ થઈ હોવાનુ બહાર આવ્યુ છે. જેનો વિડીયો પણવ વાયરલ થયો છે. દર્શિતા શાહે પત્રિકામાં પોતાનુ નામ લખવા કહ્યુ હતુ તેમ છતાં મેયરે પાલન કર્યુ ન હોવાનો દાવો ધારાસભ્ય દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે. પરીણામે ભાજપમાં આંતરીક જુથવાદ સપાટી ઉપર આવ્યો છે. અગાઉ ભાજપના પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે ૨૦૨૩ માં તેમની ટર્મ પુરી કર્યા બાદ પણ ભાજપ તેમની જગ્યાએ નવા પ્રદેશ પ્રમુખ કોને બનાવવા તે નકકી નહી કરી શકતા પાટીલને બે વખત એકસટેન્શન અપાયુ હતુ પણ ત્યારબાદ ભાજપ જગદીશ વિશ્વકર્માની પસંદગી કરીને ભાજપે એક કાંકરે ઘણા પક્ષી મારવાનો દાવ તો રમ્યો છે પરંતુ રાજકીય વિશ્લેષકો માને છે કે તેમના માટે આગળનો માર્ગ એટલો સરળ નહી હોય, જગદીશ વિશ્વકર્મા અમદાવાદમાં ભલે વારંવાર ચુંટાયા હોય ત્યાં વર્ચસ્વ હોય પણ સૌરાષ્ટ્ર / કચ્છ માટે તેઓ સાવ નવી વ્યકિત છે.આ ઉપરાંત તેઓ સંગઠનના માણસ નથી, પરીણામે અનુભવની દ્રષ્ટીએ પણ થોડુ કઠીન રહેશે. હાઈકમાન્ડના આગ્રહથી તેમની નિમણુંક થઈ હોય તેવુ વિશ્લેષકો માને છે. જગદીશ વિશ્વકર્મા ભલે સ્વચ્છ પ્રતિભા ધરાવતા હોય છતાં તેઓ સંગઠનના માણસ નથી. તેથી રાજકીય દાવપેચ મામલે ઘણુ શીખવુ પડશે.

કારણ કે ભાજપમાં અલગ અલગ લોબીનો જુથવાદ છે જેમાં પાટીલ, શાહ અને પટેલ જુથવાદ ચાલી રહ્યો છે. તેવામાં કાર્યકરોને સંગઠીત રાખવા અને નેતાઓને ખુશ રાખવાનો પડકાર પણ છે. કેટલાક વિશ્લેષકોના મતે કહેવાય છે કે ભાજપના નવા પ્રદેશ પ્રમુખની વરણી અગાઉ અમિત શાહ સી આર પાટીલને મળ્યા હતા અને ત્યારપછી જગદીશ વિશ્વકર્માનુ નામ સામે આવ્યુ હતું. તેથી તે વખતે એક એવી પણ ચર્ચા ચાલી હતી કે પાટીલને જગદીશ વિશ્વકર્મા ના નામ સામે વાંધો હોઈ શકે, જેના કારણે ગૃહમંત્રી અમિત શાહે સી આર પાટીલને મળવા જવુ પડયુ હોય, ખેર આ બધી ચર્ચાઓ વચ્ચે ગુજરાત ભાજપમાં જુદા જુદા સ્થળે જે રીતે આંતરીક અસંતોષ કે જુથવાદ ખુલ્લેઆમ મારામારીની જે રીતે ઘટનાઓ બની રહી છે તે જોતા જગદીશ વિશ્વકર્મા હવે આ બધુ કઈ રીતે મેનેજ કરશે તે એક મોટો સવાલ ઉઠી રહ્યો છે.

# સુરતમાં મામાએ ભાણેજના ૭ ટુકડા કરી ખાડામાં ફેંકી દેતા ચકચાર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગૃહમંત્રીના શહેર સુરતના ઉધના વિસ્તારમાં ભાઠે ના શિવશકિત સોસાયટીમાં રહેતા મામા ભાણેજના સંબંધોને શર્મસાર કરતો એક સનસનાટીભર્યો બનાવ બનવા પામ્યો છે. ધંધાની અદાવતને લઈને મામા મોહંમદ ઈતેકાર વાજીએ પોતાના ૨૫ વર્ષીય ભાણેજ અમીર આલમની ઘાતકી હત્યા કરી નાખી અને બાદમાં તેના શરીરના ટુકડા કરીને ખાડીમાં ફેંકી દીધા હતા.

પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુળ બિહારના વતની મામા મોહંમદ ઈતેકાર વાજી અને ભાણેજ અમીર આલમ છેલ્લા ૧૫ વરસથી સુરતમાં રહેતા હતા, બંને છેલ્લા બે વરસથી સિલાઈ મશીનનુ ભાગીદારીમાં કારખાનુ ચલાવતા હતા, એક મહિના અગાઉ જ મામા ભાગીદારીમાંથી અલગ થઈ ગયા હતા. આરોપી મામાએ મૃતક અમીર આલમને હિસાબ કરવા જણાવ્યુ હતુ પરંતુ દિવાળીના કામમાં ભાણેજ હોવાથી હિસાબ પછી કરવાનુ જણાવ્યુ હતું. જે વાતને લઈને બંને વચ્ચે ઝઘડો થતો હતો આ જ અદાવતને કારણે મામા મોહંમદ ઈતિકારે ઘાતકી કૃત્ય કરવાનુ નકકી કરી લીધુ હતું.

મામાએ ભાણેજની હત્યા કરવા પહેલા સતત એક મહિના સુધી સર્ચ કર્યુ હતુ કે ભાણેજની હત્યા કઈ રીતે કરી શકાય અને તેના પુરાવાનુ નાશ કરી પોલીસથી બચી શકાય, જયારે ભાણેજ અમીર આલમ ઘરમાં ઉંઘી રહ્યો હતો ત્યારે મામાએ હથોડા વડે તેના પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ભાણેજનુ ઘટનાસ્થળે જ




મોત નિપજયુ હતું. હત્યા કર્યા બાદ મામાએ બીજા દિવસે ભાણેજ અમીર આલમની લાશના પાંચ ટુકડા કર્યા હતા. આ ટુકડાઓને એક થેલીમાં ભરીને ઘર પાસે આવેલી ખાડીમાં ફેંકી દીધા હતા.

મૃતક અમીર આલમ ૩ દિવસથી ઘરે નહી આવતા તેના નાના ભાઈ પરવેઝ મોહંમદ આલમ મુકતાર મોહંમદ આલમે ઉધના પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદ નોંધાયાની જાણ થતા જ આરોપી મામા મોહંમદ ઈતિકાર પોતાનો મોબાઈલ બંધ કરીને ભાગી ગયો હતો. પોલીસને મામા પર શંકા જતા તેમણે તપાસના ચક્રો ગતિમાન કર્યા અને આરોપી મામાને ઉધના વિસ્તારમાંથી ઝડપી લીધો હતો. ભાણેજના શરીરના ટુકડાઓને બોરીમાં ભરી ક્રુર મામાએ રીક્ષા મારફતે લઈ જઈ ખાડીમાં ફેંકી દીધા હતા. હજુ સુધી મૃતક ભાણેજની લાશના ટુકડા મળ્યા નથી. મામાએ પોતાના જ ઘરના બાથરૂમમાં ભાણેજના લાશના ટુકડા કર્યા હતા. ત્યારે હત્યામાં વપરાયેલ ચપ્પુ પરથી મૃતકનુ બ્લડ મળી આવ્યુ હતું. મામાએ લાશના ટુકડાને ૫ અલગ અલગ પોટલામાં ભર્યા હતા અને ેફેરામાં ખાડીમાં પોટલા નાખ્યા હતા.

હજુ સુધી ફાયર બ્રિગેડની ટીમને મૃતકના શરીરનો કોઈ ભાગ મળ્યો નથી. જે ખાડીમાં ટુકડા નંખાયા તે ખાડી ઉભરાટ સુધી જાય છે. ફાયર અને પોલીસની ટીમ ઉભરાટ સુધી લાશની શોધખોળ કરી રહી છે. ખાડી અંદાજીત ૩૫ કિ.મી. ની લંબાઈ ધરાવે છે તેથી ખાડીમાં લાશના ટુકડા શોધવુ બહુ જ મુશ્કેલીનુ કામ છે. પોલીસની પુછપરછમાં મામા મોહંમદ ઈતિકારે સમગ્ર હત્યાકાંડની કબુલાત કરી લીધી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. ઉધના પોલીસે ફાયર વિભાગના જવાનોને સાથે રાખીને ખાડીમાં મૃતક અમીર આલમના શરીરના ટુકડાઓની શોધખોળ હાથ ધરી છે. મૃતકના પરીવારે આરોપીને ફાંસીની સજા આપવાની માંગ કરી છે.

# નવસારીમાં રૂ.૧ લાખની લાંચ લેતો કોન્સ્ટેબલ રંગેહાથ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવસારી

નવસારીના ખેરગામ પોલીસ સ્ટેશનમાં એક વ્યક્તિ વિરુદ્ધમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો હતો. આ કેસમાં આરોપીએ કોર્ટમાંથી આગોતરા જામીન મેળવી લીધા હતા. જેમાં આરોપી પોલીસ સ્ટેશનમાં હાજર થતાં પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલે માર ન મારવા અને હેરાન-પરેશાન ન કરવા માટે આરોપી પાસેથી ૧ લાખ રૂપિયાની માંગણી કરી હતી. સમગ્ર મામલે પ્રોહિબિશનના ગુનાના આરોપીએ તેના મિત્રને વાત કરી હતી. આ પછી આરોપીના મિત્રએ એન્ટી કરપ્શન બ્યુરો(ACB)ને જાણ કરતાં છટકું ગોઠવીને લાંચીયા પોલીસકર્મીને ઝડપી પાડવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, નવસારીના ખેરગામ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ બળવંતભાઈ પટેલ (ઉં.વ.૩૨)એ પ્રોહિબિશનના ગુનાના આરોપીને માર ન મારવા અને કોઈ પ્રકારની હેરાનગતિ ન કરવા રૂ.૧ લાખ માગ્યા હતા.